


નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 206
Dt.: 01-06-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### પ્રથમ તબક્કામાં મકાનોની ગણતરી સાથે પૂછાશે ૩૩ પ્રશ્નો

# આજથી ગુજરાતભરમાં ડિજિટલ વસ્તી ગણતરીનો શુભારંભ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતભરમાં વસ્તી ગણતરી: જનગણના- ૨૦૨૭'નો તા. ૧ જૂન ૨૦૨૬થી શુભારંભ થશે. આ શ્રેણીની ૧૬મી અને આઝાદી પછીની ૮મી જનગણના હશે, જે સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરવામાં આવશે. આ અગાઉ વર્ષ ૨૦૧૧માં જનગણના કરવામાં આવી હતી. આ વસ્તી ગણતરી ઝુંબેશમાં તમામ નાગરિકોને સહભાગી થવા વસ્તી ગણતરી નિયામક શ્રી સુજલ જે. મયાત્રાએ અનુરોધ કર્યો છે.

વસ્તી ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યભરમાં આવતીકાલે તા. ૧ જૂન, ૨૦૨૬થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન ઘર-યાદી અને મકાનોની ગણતરી (HLO) હાથ ધરવામાં આવશે. આ તબક્કામાં ગણતરીદારો દ્વારા આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીનો સ્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય અસ્કયામતો સહિત કુલ ૩૩ પ્રશ્નો પૂછવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં તા. ૯ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન વસ્તીની ગણતરી (PE) અને જાતિ ગણતરી હાથ ધરવામાં આવશે. આ તબક્કા દરમિયાન જ દેશભરમાં વસ્તી ગણતરીની સાથે-સાથે જાતિ ગણતરીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે.

**આ અભિયાનને સફળ બનાવવા ગણતરીદારો, સુપરવાઈઝર અને અન્ય વસ્તી ગણના અધિકારીઓને ત્રણ તબક્કામાં તાલીમ પણ આપવામાં આવી**

દેશભરમાં ચાલી રહેલી વસ્તી ગણતરી-૨૦૨૭ અંતર્ગત ગુજરાતમાં તા.૧૭ મે-૨૦૨૬થી શરૂ થયેલી સ્વ-ગણતરી ઝુંબેશમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યમંત્રી મંડળના સભ્યો, મુખ્ય સચિવ સહિત વરિષ્ઠ સચિવો, જિલ્લા કલેક્ટરો, મહાનગરપાલિકા કમિશનરો, સહિત જાગૃત નાગરિકો સ્વ-ગણતરી અંતર્ગત ફોર્મ ભરીને વસ્તી ગણતરી અભિયાનમાં સહભાગી બન્યા છે.

આમ, વસ્તી ગણતરી-૨૦૨૭ અંતર્ગત ગુજરાતમાં તા. ૩૦ મે ૨૦૨૬ની સ્થિતિએ કુલ ૩.૭૪ લાખથી વધુ નાગરિકોએ સ્વ-ગણતરી માટે ફોર્મ ભર્યું છે. જેમાંથી ૩.૩૦ લાખની કામગીરી પૂર્ણ થઈ છે, જ્યારે બાકીના ૪૪ હજારના સ્વ-ગણતરી ફોર્મ પ્રક્રિયામાં છે.

રાજ્યના તમામ જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ ગામડાઓમાં વસ્તી ગણતરી યોજાશે. આ વસ્તી ગણતરીમાં ૧,૧૦,૫૯૮ હાઉસ લિસ્ટિંગ બ્લોક્સ (HLBs), ૧,૦૯,૦૩૮ ગણતરીદારો તેમજ ૧૮,૨૫૪ સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ગણતરીદારો, સુપરવાઈઝર અને અન્ય વસ્તી ગણના અધિકારીઓને ત્રણ તબક્કામાં તાલીમ પણ આપવામાં આવી છે.

નોંધનીય છે કે, આ વખતની જનગણનામાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. એન્ડ્રોઈડ અને iOS એપ પર ગુજરાતી સહિત કુલ ૧૬ ભાષાઓમાં તેમજ ઓફલાઈન ડેટા એકત્રિત કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. નાગરિકો પોતે જ પોતાની વિગતો ઓનલાઈન ભરી શકે તે માટે સ્વ-ગણતરીનો વિશેષ વિકલ્પ આપવામાં આવ્યો હતો, જેમાં ઉત્તરદાતાઓએ તા. ૧૭થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન અધિકૃત પોર્ટલ પર પોતાની વિગતો જાતે નોંધાવી છે.

વધુમાં, જનગણના અધિનિયમ, ૧૯૪૮ અને જનગણના નિયમો, ૧૯૯૦ની જોગવાઈ હેઠળ એકત્રિત કરાયેલી તમામ વ્યક્તિગત માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. આ વિગતોનો ઉપયોગ કાનૂની કે કરવેરાના હેતુઓ માટે થઈ શકશે નહીં. કાયદા અનુસાર દેશના દરેક નાગરિકે સાચી અને સંપૂર્ણ માહિતી આપવી અનિવાર્ય છે. માહિતી આપવાનો ઈનકાર કરવા બદલ કાયદામાં દંડની જોગવાઈ પણ છે. જનગણના અંગે કોઈ પણ પૂછપરછ કરવી હોય, મૂંઝવણ હોય તો ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૫૫ અને અધિકૃત વેબસાઈટ www.censusindia.gov.in નો સંપર્ક કરવા જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાત દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## નદીમાં ડૂબતી સગીરાને જોઈને બચાવવા માટે પાંચ લોકો કૂદ્યા

### પાંચેય ડૂબી ગયા; સગીરા બચી ગઈ: મૃતક આસપાસના ગામડાઓના રહેવાસી હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)કુર્નૂલ

આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં શનિવાર સાંજે એક એવી ઘટના બની જેણે દરેક લોકોને સ્તબ્ધ કરી દીધા છે. અહીં એક સગીરાનો પગ લપસતા તે તુંગભદ્રા નદીમાં ખાબકી હતી, જેને બચાવવા માટે એક પછી એક પાંચ લોકો નદીમાં કૂદ્યા હતા. પોલીસનું કહેવું છે કે, આ તમામ લોકો પાણીમાં ડૂબી ગયા, પણ તે સગીરાને બચાવી લેવામાં આવી છે. મૃતક આસપાસના ગામડાઓના રહેવાસી હતા. રેસ્ક્યૂ ટીમ તેમની શોધખોળ કરી રહી છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, શનિવારે સાંજે લગભગ ૪:૩૦ વાગ્યાની આસપાસ મંત્રાલયમ વિસ્તારમાં વહેતી તુંગભદ્રા નદીના કિનારે ઘણા લોકો હાજર હતા. એ સમયે એક સગીરા નદીના કિનારે પગ ધોઈ રહી હતી. અચાનક તેનું બેલેન્સ બગડ્યું અને તે લપસીને સીધી નદીમાં પડી ગઈ. સગીરા નદીના પાણીમાં તણાવા લાગી હતી, નદીમાં સગીરાને વહેતી જોઈને ત્યાં હાજર લોકોમાં અફરા-તફરી મચી ગઈ. કોઈને વિચારવાનો સમય જ મળ્યો નહીં. સગીરાનો જીવ જોખમમાં હતો અને તેને બચાવવા માટે કેટલાક લોકો તરત જ નદીમાં કૂદી પડ્યા હતા. પણ પછી જે બન્યું એ જાણી આખા વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ.

સગીરાને બચાવવા માટે પહેલા એક વ્યક્તિ નદીમાં ઉતર્યો. પછી બીજો, ત્રીજો અને આમ કુલ ૫ લોકો તેને બચાવવાના પ્રયાસમાં નદીમાં કૂદી પડ્યા. આખરે સગીરાને સુરક્ષિત બહાર કાઢવામાં આવી. પણ આ દરમિયાન નદીનો તેજ પ્રવાહ એ ૫ લોકો પર ભારે પડી ગયો. જેમણે બીજાનો જીવ બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂક્યો, એ લોકો પોતે જ નદીમાં ફસાઈ ગયા.

થોડા જ સમયમાં એ ૫ લોકો ગુમ થઈ ગયા. આ ઘટનાની જાણ થતાં આસપાસના ગામના લોકો મોટી સંખ્યામાં નદીના કિનારે એકઠા થઈ ગયા. પરિવારજનો ચીસા-ચીસો પાડવા લાગ્યા. જે સગીરા માટે આ પાંચેયે પોતાનો જીવ જોખમમાં મૂક્યો, તે તો બચી ગઈ, પણ ૫ પરિવારોમાં શોક છવાઈ ગયો. સગીરાને બચાવવા ગયેલા ૫ લોકો પાછા આવી શક્યા નહીં.

## મિડલ ઈસ્ટમાં શાંતિ વાટાઘાટો પર ફરી ગ્રહણ!

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

વૈશ્વિક રાજકારણના કેન્દ્રમાં રહેલા ઈરાન અને અમેરિકા વચ્ચેના સંબંધો ફરી એકવાર તણાવપૂર્ણ સ્થિતિમાં આવી ગયા છે. લાંબા સમયથી ચાલી રહેલી વાટાઘાટો છતાં, તેહરાને રવિવારે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી ઈરાનના અધિકારોને સંપૂર્ણપણે સુરક્ષિત કરવામાં નહીં આવે, ત્યાં સુધી તે અમેરિકા સાથે કોઈપણ ડીલ માટે તૈયાર નથી.ઈરાન અને અમેરિકા વચ્ચેના આ જટિલ સંબંધોમાં મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ પર ગતિરોધ છે:

પરમાણુ કાર્યક્રમ: અમેરિકા ઈરાનના યુરેનિયમ સ્ટોકપાઈલ પર કડક નિયંત્રણો અને પારદર્શિતા ઈચ્છે છે.

આર્થિક રાહત: ઈરાન માંગ કરી રહ્યું છે કે તેમના પર લાદવામાં આવેલા પ્રતિબંધો દૂર કરવામાં આવે અને વિદેશી બેંકોમાં ફ્રીઝ થયેલી તેમની સંપત્તિ મુક્ત કરવામાં આવે.

વ્યૂહાત્મક મહત્વ: સ્ટ્રેટ ઓફ હોરમુઝ પર ઈરાન પોતાનું નિયંત્રણ જાળવી રાખવા માંગે છે, જેને તે પોતાનો અધિકાર માને છે.બંને દેશો વચ્ચે વાટાઘાટો ચાલી રહી હોવા છતાં, પરસ્પર અવિશ્વાસ એટલો ઊંડો છે કે કોઈ પણ સમજૂતી ફાઈનલ થઈ શકતી નથી.

### ભારત-નેપાળ સરહદ વિવાદમાં નવો વળાંક

## PM બાલેન શાહનો બ્રિટનને વચ્ચે લાવવા માટેનો પ્રસ્તાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહે રવિવારે ભારત સાથેના સરહદી વિવાદો અંગે મહત્વપૂર્ણ નિવેદનો આપ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારત સાથેના સરહદી પ્રશ્નો ટેબલ ટોક અને રાજદ્વારી પ્રયાસો દ્વારા જ ઉકેલવામાં આવશે.

પીએમ બાલેન્દ્ર શાહે આ સરહદી વિવાદોમાં યુનાઈટેડ કિંગડમને સામેલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે તર્ક આપ્યો કે વર્તમાન સરહદોના નિર્ધારણમાં બ્રિટિશ શાસનકાળની ભૂમિકા મહત્વની છે.

શાહે કહ્યું, "જ્યારે તેઓ બ્રિટિશ ભારત છોડી રહ્યા હતા, ત્યારે આ સમસ્યા આવનારી પેઢીઓ પર છોડી દેવામાં આવી હતી, જેના કારણે અમને લાગે છે કે ઈંગ્લેન્ડે પણ આ બાબતે ચિંતિત હોવું જોઈએ." તેમણે ઉમેર્યું કે, "આ તમામ મુદ્દાઓ ટેબલ ટોક અને રાજદ્વારી માધ્યમો દ્વારા ઉકેલવામાં આવશે." શાહના મતે, નેપાળે ભારત સાથે પહેલેથી જ રાજદ્વારી નોટ્સની આપ-લે કરી છે. બંને દેશો એક રોડમેપ પર સહમત થયા છે, જેમાં બંને દેશોના ઈતિહાસકારો, સર્વેયરો અને પ્રાદેશિક નિષ્ણાતોને વિવાદિત વિસ્તારો સાથે જોડાયેલા ભૌગોલિક અને ઐતિહાસિક રેકોર્ડ્સની તપાસ કરવા માટે સામેલ કરવામાં આવશે.

આ નિવેદન કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા જેવા પ્રદેશોને લઈને ચાલી રહેલા મતભેદો વચ્ચે આવ્યું છે. નોંધનીય છે કે, ૨૦૨૦માં નેપાળે એક સુધારેલો રાજકીય નકશો પ્રકાશિત કર્યો હતો, જેમાં આ વિસ્તારોને નેપાળનો ભાગ ગણાવવામાં આવ્યા હતા. જોકે, ભારતે આ પગલાને ફગાવી દેતા કહ્યું હતું કે આ નકશામાં ભારતીય પ્રદેશના ભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારત સરકારે તાજેતરમાં ફરીથી પુનરોચ્ચાર કર્યો છે કે તેઓ તમામ દ્વિપક્ષીય મુદ્દાઓ, જેમાં અનિર્ણિત સરહદી બાબતોનો સમાવેશ થાય છે, તેના પર વાતચીત અને કૂટનીતિ દ્વારા જોડાવા તૈયાર છે. કૈલાશ માનસરોવર યાત્રાના સંદર્ભમાં નેપાળના દાવાઓ પર પ્રતિક્રિયા આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, લિપુલેખ પાસ ૧૯૫૪થી કૈલાશ માનસરોવર યાત્રા માટેનો લાંબા સમયથી ચાલતો માર્ગ છે અને આ માર્ગ દ્વારા યાત્રા દાયકાઓથી ચાલી રહી છે. આ કોઈ નવી ઘટના નથી.

નેપાળના પ્રાદેશિક દાવાઓ પર તેમણે વધુમાં કહ્યું, પ્રાદેશિક દાવાઓના સંદર્ભમાં, ભારતનું સતત માનવું રહ્યું છે કે આવા દાવાઓ ન તો ન્યાયી છે અને ન તો ઐતિહાસિક તથ્યો અને પુરાવાઓ પર આધારિત છે.

આવા એકપક્ષીય અને કૃત્રિમ દાવાઓ અસ્વીકાર્ય છે. ભારત સરકાર અગાઉ પણ સ્પષ્ટ કરી ચૂકી છે કે સરહદી મુદ્દાઓ રાજદ્વારી સંવાદ દ્વારા ઉકેલાવા જોઈએ, જે બંને દેશો વચ્ચેની સમજૂતી મુજબ યોગ્ય છે.

### હાઈકોર્ટે દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપી

## મહિલાને પોતાના શરીર અંગે નિર્ણય લેવાનો અધિકાર

### સેશન્સ કોર્ટે અત્યંત સંવેદનશીલ મામલામાં ૧૬ વર્ષીય સગીર રેપ પીડિતાને ગર્ભપાત કરવાની મંજૂરી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રયાગરાજ

પ્રયાગરાજની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે એક અત્યંત સંવેદનશીલ મામલામાં ૧૬ વર્ષીય સગીર રેપ પીડિતાને ગર્ભપાત કરવાની મંજૂરી આપી દીધી છે.

કેસની સુનાવણી કરી રહેલા મહિલા ન્યાયાધીશ અંજુ કનૌજિયાએ જણાવ્યું કે, કોઈપણ મહિલાને પોતાના શરીર અને પ્રજનન સાથે જોડાયેલા નિર્ણયો લેવાનો સંપૂર્ણ અધિકાર છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે આ અધિકાર ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ મળતા જીવન જીવવાના, વ્યક્તિગત સ્વતંત્રતા અને નિજતા (પ્રાઈવસી) ના અધિકારનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે.

નજીકના સમયમાં કોઈ પગલાં ન લેવાયા : કોર્ટે નોંધ્યું કે પીડિતાના પરિવારે ૯ મેના રોજ જ તપાસ અધિકારીને ગર્ભાવસ્થા વિશે જાણ કરી દીધી હતી, તેમ છતાં સમયસર ગર્ભપાતની પ્રક્રિયા માટે કોઈ પગલાં લેવાયા નહોતા. પીડિતા આશરે સાત અઠવાડિયાની જોડિયા ગર્ભાવસ્થા ધરાવતી હતી, જેના બંને ભ્રૂણ જીવિત હતા. કોર્ટે ચુકાદામાં ઉમેર્યું કે સગીરાઓ અને અનિચ્છનીય ગર્ભાવસ્થાના કિસ્સામાં મહિલાઓના પ્રજનન અધિકારો પર બિનજરૂરી અવરોધો ન લાદી શકાય. અદાલતે સંબંધિત તબીબી અધિકારીઓને કાયદાકીય જોગવાઈઓ અનુસાર તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે.

અલ્હાબાદ હાઈકોર્ટે અન્ય એક મહત્વપૂર્ણ આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે, માત્ર કોઈ ગુનાહિત કેસ પેન્ડિંગ હોવાના આધારે કોઈ નાગરિકના પાસપોર્ટની અરજીને યોગ્ય ઓર્ડર વિના અદ્ધરતાલ લટકાવી શકાય નહીં. જસ્ટિસ સરળ શ્રીવાસ્તવ અને જસ્ટિસ ગરિમા પ્રશાંતની ખંડપીઠે મરિયમ બાનો નામની મહિલાની અરજી પર આ ચુકાદો આપ્યો છે. અરજદારના વકીલ નિર્ભય કુમાર ભારતીએ કોર્ટને જણાવ્યું હતું કે, પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસે માત્ર પેન્ડિંગ કેસના કારણે પાસપોર્ટ પર કોઈ નિર્ણય લીધો નહોતો.

તપાસના સ્તરે અરજી નકારી ન શકાય : કોર્ટે પવન કુમાર રાજભર વિરુદ્ધ ભારત સંઘ કેસનો હવાલો આપીને કહ્યું કે, માત્ર તપાસના સ્તરે કોઈ કેસ પેન્ડિંગ હોવો તે પાસપોર્ટ નકારવાનો આધાર બની શકે નહીં.

NOCની જરૂર નથી, પણ કોર્ટની મંજૂરી અનિવાર્ય : વિદેશ મંત્રાલયના ૬ ડિસેમ્બર ૨૦૨૪ના ઓફિસ મેમોરેન્ડમ મુજબ અલગથી કોઈ NOCની જરૂર નથી, પરંતુ સંબંધિત કોર્ટમાંથી વિદેશ યાત્રાની પરવાનગીનો આદેશ હોવો ફરજિયાત છે.

૧ વર્ષની અવધિ માટે પાસપોર્ટ : જો ટ્રાયલ કોર્ટે પાસપોર્ટની અવધિ નક્કી ન કરી હોય, તો ૨૫ ઓગસ્ટ ૧૯૯૩ના નોટિફિકેશન અનુસાર પાસપોર્ટ ૧ વર્ષની મુદત માટે જાહેર કરવામાં આવશે.

કોર્ટનો આખરી નિર્દેશ : હાઈકોર્ટે અરજદાર મરિયમ બાનોને એક મહિનાની અંદર પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસર સમક્ષ નવી રજૂઆત કરવા જણાવ્યું છે. સાથે જ પાસપોર્ટ ઓફિસરને તમામ કાનૂની પાસાઓ અને નિયમોને ધ્યાનમાં રાખીને આગામી ૩ મહિનાની અંદર પાસપોર્ટ જાહેર કરવા અંગે યોગ્ય નિર્ણય લેવાનો આદેશ કર્યો છે.




### પેરિસમાં ફૂટબોલ ફેન્સનો આતંક

## PSGની જીત બાદ સતત બીજા વર્ષે હિંસા-અથડામણ

(સંપૂર્ણ સમાચાર સેવા)પેરિસ

ચેમ્પિયન્સ લીગ ફાઈનલમાં પેરિસ સેન્ટ-જર્મેન (PSG)એ આર્સેનલને હરાવીને ભલે ટ્રોફી જીતી લીધી હોય, પરંતુ આ જીતનો જશ્ન પેરિસ માટે આફત સમાન સાબિત થયો છે. મેચ પૂરી થયા બાદ પેરિસની સડકો પર હિંસક પ્રદર્શનો અને અથડામણો જોવા મળી હતી, જેના કારણે ૪૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

PSGની જીત બાદ પેરિસના પ્રખ્યાત ચેમ્પ્સ-એલીસીસ વિસ્તારમાં હજારો ચાહકો ઉમટી પડ્યા હતા. આ જશ્ન જોતજોતામાં હિંસક વળાંક લેવા લાગ્યો હતો. અરાજકતા એટલી વધી ગઈ હતી કે પેરિસની બસ, ટ્રેન અને રેલ સેવાઓ પણ ખોરવાઈ ગઈ હતી. ટોળા દ્વારા ફટાકડા અને ફ્લેર્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં અનેક પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફૂટેજમાં જોઈ શકાય છે કે રસ્તા પર ઈલેક્ટ્રિક બાઈક સળગાવવામાં આવી રહી છે અને દુકાનોના કાચ તોડવામાં આવી રહ્યા છે. બે વ્યવસાયિક એકમો, ૧ બસ શેલ્ટર અને ૬ વાહનોને સળગાવી દેવામાં આવ્યા. આ કોઈ પહેલીવાર નથી કે જ્યારે ફૂટબોલની જીત હિંસામાં પરિણમી હોય. પેરિસ માટે આ સતત બીજું વર્ષ છે જ્યારે ફૂટબોલના કારણે હિંસક બનાવો બન્યા છે.




# તંત્રી લેખ......

## જવાબદારીનો અભાવ

નીટ કેસની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે યોગ્ય રીતે કહ્યું કે લીક થયેલી પરીક્ષા માટે જવાબદારી નક્કી કરવી જોઈએ. આમ કરવામાં નિષ્ફળતા દુર્ભાગ્યપૂર્ણ રહેશે, કારણ કે હ્રઈઈ્ પેપર લીકથી ૨.૨ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓને ફરીથી પરીક્ષા આપવાની ફરજ પડી છે. લીકથી વિદ્યાર્થીઓને માત્ર અસુવિધા જ નહીં પરંતુ તેમના વિશ્વાસને પણ નુકસાન થયું છે.

શિક્ષણ મંત્રાલય પણ તપાસ હેઠળ આવ્યું છે. સુપ્રીમ કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી, જે મેડિકલ કોલેજ પ્રવેશ પરીક્ષાઓનું આયોજન કરે છે, તેને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન પાસેથી શીખવા કહ્યું. આદર્શરીતે, આ સલાહ જરૂરી ન હોવી જોઈતી હતી.એનટીએએ આ પાઠ જાતે જ શીખવો જોઈતો હતો, અને શિક્ષણ મંત્રાલયે ખાતરી કરવી જોઈતી હતી કે તે થાય. છેવટે, આ એજન્સીની રચના નિષ્પક્ષ રીતે પરીક્ષાઓ યોજવા માટે કરવામાં આવી હતી.

શરમજનક છે કે આ મામલે એનટીએનો રેકોર્ડ નબળો છે. ભૂતકાળમાં હ્રઈઈ્ના સંચાલનમાં અનિયમિતતાઓ થઈ છે અને આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. હ્રછના કાર્યપ્રણાલીમાં સુધારો કરવા માટે રચાયેલી રાધાકૃષ્ણન સમિતિની ભલામણોનો પ્રાથમિકતાના ધોરણે અમલ કરવામાં આવ્યો ન હતો તે નિરાશાજનક છે. કદાચ આ હ્રઈઈ્ પેપર લીકની પ્રતિકૂળ અસર હતી. છેવટે, જ્યારે રાધાકૃષ્ણન સમિતિએ ઓક્ટોબર ૨૦૨૪ માં તેની ભલામણો રજૂ કરી, ત્યારે તેનો તાત્કાલિક અમલ કેમ ન કરવામાં આવ્યો? આ સમિતિએ શોધી કાઢ્યું કે એનટીએ તેના બધા કામ આઉટસોર્સ કરે છે અને તેના મોટાભાગના કર્મચારીઓ કરાર આધારિત છે. તેણે કમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ યોજવાની પણ ભલામણ કરી. આ પરિસ્થિતિ કેમ બદલાઈ નથી તે સમજવું મુશ્કેલ છે.

એક એવી સંસ્થા સ્થાપિત કરવાનું તર્ક શું છે જે પોતાની ફરજો જાતે નિભાવવામાં અસમર્થ છે? એનટીએએ નીટ જેવી પરીક્ષાઓ યોજવા માટે પોતાની સિસ્ટમ વિકસાવવી જોઈતી હતી, જેમ કે રેલ્વે મંત્રાલયના વિધિ, શહેરી વિકાસ મંત્રાલયના એબીસીસી, ભારતીય રિઝર્વ બેંક અને ભારતીય બેંકો એસોસિએશન હેઠળ એનપીસીઆઈ, અથવા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય હેઠળ ભારતીય અનન્ય ઓળખ સત્તામંડળ.

આજના વિશ્વમાં, કોઈપણ સંસ્થા માટે દરેક પાસામાં નિપુણ હોવું જરૂરી નથી પણ ફરજિયાત પણ છે. બધી સંસ્થાઓ, ખાસ કરીને એનટીએ, આધુનિક ટેકનોલોજીથી સજ્જ હોવી જોઈતી હતી, અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે આમાં મદદ કરવા માટે આગળ આવવું જોઈતું હતું એનટીએની નિષ્ફળતા જવાબદારીનો અભાવ અને સરકારી તંત્ર પ્રત્યે કામચલાઉ અભિગમ દર્શાવે છે.

## અંકલેશ્વર નજીક NH-48 પર ટ્રકની જોરદાર ટક્કરે બોલેરોના ફુરચેફુરચા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

જિલ્લાના અંકલેશ્વર તાલુકામાંથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. પાનોલી GIDC નજીક નેશનલ હાઈવે-૪૮ પર એક બેકાબૂ ટ્રક અને બોલેરો ગાડી વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક મહિલાનું કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત એટલો ભીષણ હતો કે બોલેરો ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ દુર્ઘટનાને પગલે મૃતક મહિલાના પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, નેશનલ હાઈવે-૪૮ પરથી પસાર થઈ રહેલી બોલેરો ગાડી અને ટ્રક વચ્ચે કોઈ કારણોસર જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે બોલેરોના ફુરચેફુરચા થઈ ગયા હતા, જ્યારે બોલેરોમાં સવાર એક મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમણે દમ તોડ્યો હતો.

હાઈવે પર સર્જાયેલા આ ભયાનક અકસ્માતના પગલે આસપાસના લોકો અને વાહનચાલકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. અકસ્માતને કારણે હાઈવે પર કલાકો સુધી ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી અને વાહનોની લાંબી કતારો લાગી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને બચાવ રાહતની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સૌથી પહેલા ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી અને ત્યારબાદ ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનોને રોડની બાજુ પર ખસેડી ટ્રાફિક હળવો કરાવ્યો હતો. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માત કયા સંજોગોમાં અને કોની ભૂલના કારણે સર્જાયો તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## વડોદરામાં પાણીની સમસ્યાથી કંટાળેલા સ્થાનિકોએ માટલા ફોડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના ડભોઈ રોડ સ્થિત શાંતિનગર વિસ્તારના રહીશોએ લાંબા સમયથી ચાલતી પાણીની સમસ્યાથી કંટાળી ગઈકાલે શનિવારે એકત્ર થઈ મ્યુનિ. કોર્પોરેશન વિરૂધ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો છે. પાણીની સમસ્યાથી કંટાળેલા સ્થાનિકો માટલા ફોડી રોષ વ્યક્ત કર્યો હતો.

વોર્ડ નંબર-૧૬માં આવેલ, શાંતિનગર વિસ્તારના રહીશોના જણાવ્યા મુજબ શક્તિ નગર, શાંતિનગર-૧ અને ૨, હીરાબાનગર, વિશ્વકર્માનગર તથા પંચમુખીનગર સહિતના વિસ્તારોમાં છેલ્લા આઠ મહિનાથી પાણીની ગંભીર સમસ્યા છે. અંદાજે એક હજાર મકાનો ધરાવતા આ વિસ્તારોમાં ખૂબ ઓછા પ્રમાણમાં અને દૂષિત પાણી મળી રહ્યું હોવાનો સ્થાનિકોએ દાવો કર્યો છે.

વધુમાં રહીશોએ આરોપ કર્યો છે કે, નિયમિત રીતે વેરો ભરવા છતાં શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી. પાણી માટે મ્યુનિ.કોર્પોરેશન સમક્ષ ભીખ માગવા જેવી સ્થિતિ સર્જાઈ છે. વોર્ડ કચેરી તેમજ સ્થાનિક આગેવાનો સમક્ષ અનેક વખત રજૂઆત કરવા છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવી રહ્યો નથી. પાણીની અછતને કારણે અન્ય વિસ્તારોમાં પાણી ભરવા જવું પડે છે. પરંતુ ત્યાં પણ એક-બે વખત પાણી ભરવા દઈ બાદમાં મનાઈ કરવામાં આવતી હોવાથી અપમાનજનક સ્થિતિનો સામનો કરવો પડે છે. પાણીની સમસ્યાને કારણે દૈનિક જીવન પર ગંભીર અસર પડી રહી હોવાનું રહીશોએ વેદના વ્યક્ત કરી છે. રહીશોએ માટલા ફોડી ચીમકી આપી છે કે જો સમસ્યાનો તાત્કાલિક નિકાલ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં પાણી પુરવઠા કચેરી અને મ્યુનિ. કમિશ્નરની કચેરી ખાતે મોરચો લઈ પહોંચીશું.

### ૧ જૂન - વિશ્વ દૂધ દિવસ

# વૈશ્વિક સ્તરે દૂધ ઉત્પાદનમાં ભારત પ્રથમ; બે દાયકામાં ૧૨.૫ મિલિયન ટનના વધારા સાથે ગુજરાત "શ્વેતક્રાંતિ ૨.૦" તરફ અગ્રેસર

### ગુજરાતમાં માથાદીઠ દૂધની ઉપલબ્ધતા રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ, ૭૩૦ ગ્રામ પ્રતિ દિન થઈ: પશુઓની સારવાર માટે રાજ્યમાં ૫૮૭ ફરતા પશુ દવાખાના તેમજ ૪,૭૧૦ પશુ ચિકિત્સકો ઉપલબ્ધ



દર વર્ષે ૧લી જૂનને સમગ્ર વિશ્વમાં "વિશ્વ દૂધ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વૈશ્વિક ખોરાક તરીકે દૂધના મહત્વને ઉજાગર કરવાનો અને ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. આજે દૂધ માત્ર એક પૌષ્ટિક આહાર નથી રહ્યું, પરંતુ પશુપાલન સાથે જોડાયેલા કરોડો પરિવારોની આજીવિકાનો મજબૂત આધાર સ્તંભ બન્યું છે.

★વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો: દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ

ભારત વર્ષ ૧૯૯૮થી દૂધ ઉત્પાદન અને ડેરી વિકાસ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં સર્વપ્રથમ રહ્યું છે. આજે દેશ વાર્ષિક ૨૪૭ મિલિયન ટન જેટલા દૂધ ઉત્પાદન સાથે વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં ૨૫ ટકા જેટલો સિંહફાળો ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારની વિવિધ પ્રોત્સાહક નીતિઓના કારણે છેલ્લા એક જ દાયકામાં દેશના કુલ દૂધ ઉત્પાદનમાં ૬૯ ટકા જેટલો અભૂતપૂર્વ વધારો નોંધાયો છે, જ્યારે ઉત્પાદન પ્રતિ વર્ષે ૫.૫ ટકાના દરે વધી રહ્યું છે. દેશની કુલ GDPમાં ડેરી ક્ષેત્રનો ફાળો લગભગ ૫ ટકા જેટલો છે.

દેશમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા પણ છેલ્લા એક દાયકામાં ૫૨ ટકા વધીને આજે ૪૮૫ ગ્રામ પ્રતિ દિન થઈ છે, જે નાગરિકોના પોષણ સ્તરમાં સુધારાનો મજબૂત પુરાવો છે.

★ગુજરાતની શ્વેતક્રાંતિ ૨.૦: બે દાયકામાં ૧૨.૫ મિલિયન ટનનો વધારો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં ગુજરાત આજે ડેરી ઉદ્યોગમાં કીર્તિમાન સ્થાપિત કરી રહ્યું છે. ગુજરાત આજે વાર્ષિક ૧૯ મિલિયન ટનથી વધુ દૂધ ઉત્પાદન સાથે ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ૭.૭૮ ટકા જેટલો મહત્વનો ફાળો આપી રહ્યું છે. છેલ્લા બે દાયકાની વાત કરીએ તો, રાજ્યના દૂધ ઉત્પાદનમાં ૧૨.૫ મિલિયન ટનનો રેકોર્ડબ્રેક વધારો થયો છે, જેના પરિણામે ગુજરાત આજે દેશમાં ચોથા ક્રમે પહોંચ્યું છે. આ સમયગાળા દરમિયાન વાર્ષિક સરેરાશ વિકાસ દર પણ ૯.૩૦ ટકા રહ્યો છે.

ગુજરાત માટે સૌથી ગૌરવની વાત તો એ છે કે, રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા છેલ્લા એક દાયકામાં ૪૮ ટકા વધીને આજે ૭૩૦ ગ્રામ પ્રતિ દિન થઈ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૪૮૫ ગ્રામ પ્રતિ દિન કરતાં ઘણી વધારે છે.

★પશુ આરોગ્ય અને સુદ્રઢ સારવારનું માળખું

દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ માટે પશુઓનું ઉત્તમ સ્વાસ્થ્ય અનિવાર્ય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે પશુઓને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવાનો મક્કમ નિર્ધાર કર્યો હતો, જે અનુસાર આજે ગુજરાતની પોણા ત્રણ કરોડ જેટલી પશુ સંપદાને આરોગ્ય રક્ષા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

★રાજ્યનું સુદ્રઢ પશુ ચિકિત્સા માળખું:

● ૧,૧૩૭ પશુ દવાખાના અને ૫૬૪ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો.

● ગામડે-ગામડે જઈને પશુઓની સારવાર કરતા ૫૮૭ ફરતા પશુ દવાખાના.

● ૩૪ વિવિધલક્ષી પશુ ચિકિત્સાલયો અને ૨૧ પશુ રોગ અન્વેષણ એકમો.

● પશુધનની રક્ષા માટે રાજ્યમાં કુલ ૪,૭૧૦ નોંધાયેલા પશુ ચિકિત્સકો કાર્યરત છે.

★પશુ સંવર્ધનમાં આધુનિક ટેકનોલોજી અને સહાય

ગુજરાત સરકાર માત્ર સારવાર જ નહીં, પરંતુ પશુઓની નસલ સુધારણા માટે પણ કટિબદ્ધ છે. પશુપાલકોને ખૂબ જ નજીવા દરે પશુઓમાં 'સેક્સ્ડ સીમેન ડોઝ' આપવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે, જેનો સફળતા દર ૯૦ ટકાથી વધુ છે એટલે કે, ૯૦ ટકા પશુઓ વાછરડીને જન્મ આપે છે. આ ઉપરાંત, પશુઓમાં આધુનિક IVF ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન ટેકનોલોજીના ખર્ચને પહોંચી વળવા માટે પણ સરકાર દ્વારા પશુપાલકોને સબસીડી આપવામાં આવી રહી છે.

★'અમૂલ AI' અને ડિજિટલ ક્રાંતિ: પશુપાલનમાં આધુનિકતાનો સમન્વય

ફેબ્રુઆરી ૨૦૨૬માં અમૂલ દ્વારા એક ક્રાંતિકારી પ્લેટફોર્મ 'અમૂલ AI' લોન્ચ કરવામાં આવ્યું છે. આ પહેલ અંતર્ગત પશુપાલકો માટે ૨૪૮૭ ડિજિટલ માર્ગદર્શક તરીકે 'સરલાબેન' AI સહાયક કાર્યરત કરવામાં આવ્યા છે. આ AI સિસ્ટમ રાજ્યના ૩૬ લાખથી વધુ ખેડૂત-દૂધ ઉત્પાદકોને પશુ આરોગ્ય, સંતુલિત પોષણ, ઓલાદ સુધારણા અને સરકારી યોજનાઓ વિશે વૈજ્ઞાનિક અને વ્યક્તિગત માર્ગદર્શન આંગળીના ટેરવે પૂરું પાડે છે.

★ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કરોડોનું પ્રોત્સાહન

★ નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ૧,૬૦૬ બલ્ક મિલ્ક કુલર, ૩,૨૩૩ ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ અને ૧,૨૧૨ મિલ્ક એડલ્ટરશન ડિટેક્શન મશીનો માટે રૂ. ૨૩૯.૭૩ કરોડની સહાય ફાળવવામાં આવી છે.

★ એનીમલ હસબન્ડરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ હેઠળ રાજ્યના વિવિધ સહકારી સંઘો અને ખાનગી ડેરીઓના રૂ. ૩,૪૨૫.૫૭ કરોડના પ્રોજેક્ટ્સ સામે રૂ. ૨,૬૯૧.૨૯ કરોડની લોન માટે વ્યાજ સહાય મંજૂર કરાઈ છે.

★ ડેરી કોઓપરેટિવ્સને ટેકો આપવા ડેરી પ્રવૃત્તિઓમાં રોકાયેલા દૂધ સંઘોને દૈનિક કામગીરીની લોન પર વ્યાજ સહાય પેટે છેલ્લા ૫ વર્ષમાં રૂ. ૫૭૩.૭૭ કરોડની સહાયનો લાભ લાખો પશુપાલકો સુધી પહોંચાડવામાં આવ્યો છે.

★ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના જૂનાગઢ, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી અને પોરબંદર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘોમાં રૂ. ૭૮.૦૬ કરોડના પ્રોજેક્ટ્સ માટે છેલ્લા ૩ વર્ષમાં રૂ. ૨૩.૦૯ કરોડની રકમ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવી છે.

ગુજરાત સરકારના બહુલક્ષી આયોજનો અને પશુપાલકોની અથાણ મહેનતના બળે આગામી સમયમાં ગુજરાત દેશનું અગ્રેસર અને મોડેલ દૂધ ઉત્પાદક રાજ્ય બનવા તરફ મક્કમ પગલે આગળ વધી રહ્યું છે.

- નિતિન રથવી

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સિંહોના સંરક્ષણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ

# છેલ્લા ત્રણ દિવસ દરમિયાન વાયરસ સંક્રમણના કારણે એકપણ સિંહનું મૃત્યુ નથી નોંધાયું: પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ



વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આજે એશિયાઈ સિંહોમાં જોવા મળેલા સંક્રમણની વર્તમાન સ્થિતિની ગ્રાઉન્ડ ઝીરો પર સમીક્ષા કરવા માટે ગીર વિસ્તારની રૂબરૂ મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ જામવાળા રેસ્ક્યુ સેન્ટર, બાબરિયા વન વિસ્તાર અને જસાધાર એનિમલ કેર સેન્ટરની મુલાકાત લઈ સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

સંબંધિત ઉચ્ચ અધિકારીઓ તથા પશુચિકિત્સકો (વેટરનરી)ની ટીમો સાથે વિસ્તૃત બેઠક યોજીને ચર્ચા-વિચારણા

સ્થિતિની સમીક્ષા કર્યા બાદ વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે, વન વિભાગ દ્વારા સમયસર અને અસરકારક પગલાં લેવામાં આવ્યા હોવાના કારણે હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે. રાહતના સમાચાર આપતા તેમણે ઉમેર્યું કે, છેલ્લા ત્રણ દિવસ દરમિયાન વાયરસ સંક્રમણના કારણે એકપણ સિંહનું મૃત્યુ નોંધાયું નથી. તેમ છતાં, કોઈ પણ પ્રકારની કચાસ ન રહે તે માટે સાવચેતી અને સતર્કતાના ભાગરૂપે વન વિભાગ, વેટરનરી નિષ્ણાતો અને ફિલ્ડ સ્ટાફની વિશેષ ટીમો ચોવીસે કલાક (24x7) કાર્યરત છે અને સિંહોના આરોગ્ય પર સતત અને ઝીણવટભરી નજર રાખી રહી છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ ગુજરાતની શાન એવા એશિયાઈ સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે રાજ્ય સરકાર અને વન વિભાગ સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહ્યા છે. સિંહોની સુરક્ષા એ અમારી સર્વોચ્ચ અગ્રતા છે."

ગીરના જંગલોમાં ગુંજતી સિંહોની ગર્જના આવનારી પેઢીઓ સુધી અવિરત રહે તે માટે દિવસ-રાત જોયા વગર દરેક સ્તરે પૂર્ણ નિષ્ઠાથી કામ કરી રહેલા વન વિભાગના તમામ અધિકારીઓ, કર્મચારીઓ, પશુચિકિત્સકો અને મેદાનમાં (ફિલ્ડ પર) કાર્યરત ટીમોના સમર્પણ અને અવિરત મહેનતને મંત્રીશ્રીએ હૃદયપૂર્વક બિરદાવી હતી.

- જનક દેસાઈ

### જાહેરાતમાં સૂરા જાળવણીમાં ઊણાં!,

## અમદાવાદ મ્યુનિ. સંચાલિત સ્વિમિંગ પૂલની ખસ્તા હાલત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નવી સુવિધાઓ આપવાની વાત તો દૂર રહી, હયાત સુવિધાઓની જાળવણી પણ યોગ્ય રીતે થઈ રહી નથી. સારંગપુર વિસ્તારમાં આવેલો મ્યુનિ. સંચાલિત સ્વિમિંગ પૂલ હાલમાં જાણે કે ખંઢેરમાં ફેરવાઈ ગયો હોય તેવી હાલત જોવા મળી રહી છે. ખાસ કરીને જર્જરિત ઈમારતોના કારણે અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે. સારંગપુરમાં આવેલા સ્વિમિંગ પૂલનો હાલ મોટી સંખ્યામાં લોકો લાભ લેતા હોય છે. ત્યારે અહીંના ખુદ કોચ કમ અધિકારીએ જ એકાદ મહિના પહેલાં સિટી ઈજનેરને પત્ર પાઠવીને અહીંની ખરાબ દશાનો ચિતાર આપ્યો છે. ખાસ કરીને સ્નાનાગારનો પ્લાન્ટ રૂમ, ઓફિસ તેમજ વીજ રૂમો જર્જરિત થઈ ગયા છે. સ્ટોર્મ વોટર લાઈનની કેચપિટો તૂટી ગઈ છે. ઓવરહેડ ટાંકીના ઢાંકણા અને કમ્પાઉન્ડના લોખંડના દરવાજા સુદ્ધા તૂટી ગયા છે. ડેક ઉપરની ટાઈલ્સો ઉખડી ગઈ છે. શાવર રૂમને જોડતી ચેનલો ઉભરાય છે, શાવર લિકેજ છે. પ્લાન્ટરૂમ, ઓફિસ અને વીજરૂમોમાં ગમે ત્યારે અકસ્માત સર્જાઈ શકે ત્યારે સત્વરે આ તમામ સમારકામ હાથ ધરવાની સાથે આગળ તથા પાછળના કોટની દીવાલો ઊંચી કરવા અને તેના પર પતરાં અથવા વાયરથી ફેન્સિંગ કરી આપવાની ભલામણ કરવામાં આવી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### ૨૦ રાજ્યો માટે ૪૮ કલાકનું એલર્ટ

# ફરી રેતીનું ભયાનક ડમરીઓ સાથે વાવાઝોડાનું ભયાનક એલર્ટ

### ૨ જૂન સુધી ઉત્તર-પશ્ચિમ ભારત, મધ્ય ભારત, પૂર્વ ભારત, ઉત્તર-પૂર્વ ભારત અને દક્ષિણ ભારતમાં વરસાદ પડી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને કારણે ૨ જૂન સુધી ઉત્તર-પશ્ચિમ ભારત, મધ્ય ભારત, પૂર્વ ભારત, ઉત્તર-પૂર્વ ભારત અને દક્ષિણ ભારતમાં વરસાદ પડી શકે છે. રાજસ્થાનના રણમાંથી ફૂંકાતા ધૂળભર્યા પવનો (રેતીનું તોફાન) કેટલાક રાજ્યોમાં લોકોને પરેશાન કરી શકે છે. ૭૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવનો ફૂંકાઈ શકે છે. IMD અનુસાર, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૪ જૂન સુધીમાં કેરળમાં પ્રવેશ કરી શકે છે. તો બીજી તરફ, આ વર્ષે ચોમાસામાં સામાન્ય ૮૭ સેન્ટિમીટર કરતાં ઓછો, એટલે કે આશરે ૭૮ સેન્ટિમીટર વરસાદ થવાનો અંદાજ છે. બિહાર અને ઉત્તર પ્રદેશમાં સામાન્ય વરસાદ થઈ શકે છે, પરંતુ બાકીના રાજ્યોમાં, ખાસ કરીને કૃષિ પ્રધાન રાજ્યોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થશે, જેનાથી ખેડૂતોને નુકસાન થઈ શકે છે.

IMD અનુસાર, આવતીકાલે ૧ જૂન, સોમવારના રોજ બિહારમાં ૮૦ થી ૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું આવી શકે છે. વરસાદ અને કરા પડવાની પણ સંભાવના છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ઝારખંડમાં પણ વરસાદ પડી શકે છે. તમિલનાડુ, પુડુચેરી, કેરળ, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં ક્યાંક હળવો તો ક્યાંક ભારે વરસાદ થશે. ઉત્તર-પૂર્વના રાજ્યો અસમ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ વરસાદ અને તોફાની પવનોનું એલર્ટ રહેશે.

IMD ના જણાવ્યા પ્રમાણે, પરમદિવસે ૨ જૂન, મંગળવારના રોજ પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં તોફાની પવનો ફૂંકાઈ શકે છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં વીજળી પડવાની પણ શક્યતા છે. તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને કર્ણાટકમાં ઘણી જગ્યાએ હળવોથી ભારે વરસાદ પડી શકે છે. ઉત્તર-પૂર્વના રાજ્યો અસમ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ વરસાદ અને વાવાઝોડાનો દોર ચાલુ રહેવાની સંભાવના છે. દેશની રાજધાની દિલ્હીમાં વિતેલા દિવસે વરસાદ પડવાને કારણે લોકોને ગરમીથી રાહત મળી હતી. વળી આજે, આવતીકાલે અને પરમદિવસે વાદળછાયું વાતાવરણ રહેશે. સવાર અને સાંજના સમયે ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય અને ત્યારપછીના ૬ દિવસમાં ૩ થી ૫ ડિગ્રીનો વધારો થશે. જ્યારે આગામી ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય અને ત્યારપછીના ૪ દિવસમાં ૩ થી ૫ ડિગ્રીનો વધારો થશે. IMD અનુસાર, ૩ થી ૫ જૂન વચ્ચે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, અસમ, મેઘાલય, કેરળ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ગાજવીજ, ચમક અને તેજ પવન (૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપ) સાથે વરસાદ થવાની સંભાવના છે. પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઝારખંડ, ઓડિશા, જમ્મુ-કાશ્મીર, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને ગુજરાતમાં ગાજવીજ સાથે વાવાઝોડું (પવનની ગતિ ૫૦-૬૦ કિમી પ્રતિ કલાક અને ઝાટકા ૭૦ કિમી પ્રતિ કલાક સુધી) આવવાની આશંકા છે. કેટલીક જગ્યાએ હળવો વરસાદ પણ પડી શકે છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# પશ્ચિમ રેલવે ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ અમદાવાદ દ્વારા નિઃશુલ્ક શીતળ જળ સેવા સમાપન તથા વિશ્વ તમાકુ નિષેધ દિવસે જાગૃતિ અભિયાન






પશ્ચિમ રેલવે ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ, જિલ્લા સંઘ અમદાવાદના તત્ત્વાવધાનમાં છેલ્લા એક મહિનાથી સતત ચલાવવામાં આવતી નિઃશુલ્ક શીતળ જળ સેવાનો સમાપન તા. ૩૧ મે, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યો. આ સેવા દ્વારા સ્કાઉટ અને ગાઈડ સભ્યોએ કાળઝાળ ગરમી દરમિયાન રેલવે મુસાફરોને ઠંડુ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વિશ્વ તમાકુ નિષેધ દિવસના અવસરે જળ સેવા સમાપન બાદ પશ્ચિમ રેલવે ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના સભ્યોએ સાબરમતી રેલવે સ્ટેશન પર જાગૃતિ અભિયાન યોજ્યું. આ દરમિયાન સભ્યોએ તમાકુ નિષેધ સંબંધિત સંદેશાઓ લખેલી તખ્તીઓ હાથમાં રાખીને રેલવે મુસાફરોને તમાકુ તેમજ અન્ય નશીલા પદાર્થોના દૂષ્પ્રભાવ અંગે માહિતગાર કર્યા અને તેમને તમાકુના સેવનથી દૂર રહેવા પ્રેરિત કર્યા. ત્યારબાદ ન્યૂ રેલવે કોલોની સ્થિત સ્કાઉટ ડેન ખાતે આયોજિત સન્માન સમારોહમાં સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, વટવા શ્રી અશોક કુમારે નિઃસ્વાર્થ ભાવથી જળ સેવામાં યોગદાન આપનાર જળ સેવકોને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કર્યા. આ પ્રસંગે સ્કાઉટ પરિવારના તે સભ્યોનું પણ સન્માન કરવામાં આવ્યું જેમણે તાજેતરમાં ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. ફાયર સેફ્ટી ઓફિસર શ્રી ગજેન્દ્ર બિહુલા અને એક્ઝામિનર શ્રી તેજસ વાળાએ તાલીમાર્થી સભ્યોને તેમની કાર્યકુશળતા દર્શાવતા બેજ અને પ્રમાણપત્રો અર્પણ કર્યા. ઉપરાંત સંસ્થા તરફથી તેમને વિશેષ પ્રમાણપત્રો આપીને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ તથા સ્કાઉટ-ગાઈડ સભ્યોએ સમાજ સેવા, આપત્તિ વ્યવસ્થાપન અને જનજાગૃતિ સંબંધિત આવા કાર્યોને ભવિષ્યમાં પણ સતત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

# રાસાયણીક ખાતરના ભાવમાં તોતીંગ વધારોઃ ખેડુતોની કમર તુટીઃ ખેતી કરવી મુશ્કેલ બની



પ્રતિનિધિ,ગાંધીનગર

ચરોતરમાં ઉનાળુ વાવેતર પુર્ણ થતા રાસાયણીક ખાતરોના ભાવમાં તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. જેને લઈને ખેડુતોને વધુ આર્થિક ભાર સહન કરવો પડશે. દિન પ્રતિદિન ખેતી વ્યવસાય આકરી મોંઘવારીમાં ખર્ચાળ બનતો જાય છે. હરહંમેશા ખેડુતોને અન્ય ઉપર નિર્ભર રહેવુ પડે છે. સિંચાઈના પાણી માટે સરકાર ઉપર આધાર રાખવો પડે છે, અથાગ મહેનત કરી ખેડુતને પાકનુ સારૂ ઉત્પાદન મળવાની આશા હોય ત્યારે પોષણક્ષમ ભાવો મળતા નથી,

જે વરસે પાક સારો, પોષણક્ષમ ભાવો સારા તે વરસે કુદરતી આફતમાં પાકમાં વ્યાપક નુકશાન થતા ધરતીપુત્રોની કફોડી સ્થિતિ સર્જાય છે. હાલમાં ઉનાળુ બાજરી કાપવાની સીઝન ચાલી રહી છે ત્યારે કાપણી માટે થ્રેસરના ડીઝલની રામાયણ સર્જાય છે. તેમજ ડીઝલ મળે તો ગત વર્ષ કરતા કાપણીના ભાવનો ખર્ચ પણ વધુ મોંઘો થઈ રહ્યો છે. તેવી કપરી પરિસ્થિતિ વચ્ચે ચોમાસુ વાવેતરની સીઝન શરૂ થાય તે પહેલા રાસાયણીક ખાતરના ભાવમાં અસહ્ય વધારો કરવામાં આવતા ખેતી કાર્ય કરવુ ધરતીપુત્રો માટે વધુને વધુ કઠીન બનતુ જાય છે. ત્યારે ૯૫૦ રૂપીયાના ભાવનુ એમોનીયા સલ્ફેટ નો ભાવ રૂપીયા ૧૪૦૦ એ પહોચ્યો છે. એએસપી નો ૧૫૫૦ થી વધીને રૂપીયા ૨૨૫૦ થયો છે. તેમજ એસએસપી ના ખાતરનો ૫૫૦ માં ૪૦ રૂપીયાનો વધારો કરતા નવો ભાવ ૫૯૦ રૂપીયા સુધી પહોચ્યો છે.

ભાવવધારા માટે વૈશ્વિક યુદ્ધના કારણે સલ્ફરનો પુરવઠો ખોરવાતા તેની સીધી અસર વિવિધ રાસાયણીક ખાતરોના ઉત્પાદન ઉપર પડતા ભાવ વધ્યા હોવાનુ જણાવાઈ રહ્યુ છે. એપીએસમાં ૨૦ ટકા નાઈટ્રોજન, ૨૦ ટકા ફોસ્ફરસ અને ૧૩ ટકા સલ્ફર હોય છે. જેમાં સલ્ફર બનાવવા માટે જરૂરી સલ્ફયુરીક એસીડ અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવી રહ્યુ છે.

### ભાવનગર રેલવે મંડળે ૨૪ રેલકર્મીઓને આપી ભાવભીની વિદાય

# મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ નિવૃત્ત કર્મચારીઓને સન્માનિત કરી ઉજ્જ્વળ અને સુખદ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં મે-૨૦૨૬ માસ દરમિયાન નિવૃત્ત થઈ રહેલા ૨૪ રેલકર્મીઓના સન્માનમાં તા. ૨૯ મે ૨૦૨૬ (શુક્રવાર)ના રોજ રેલવે કમ્યુનિટી હોલ, ભાવનગર ખાતે એક ગૌરવપૂર્ણ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારોહ વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગનના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સમારોહમાં નિવૃત્ત કર્મચારીઓ તથા તેમના પરિવારજનો સાથે મોટી સંખ્યામાં રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહના મુખ્ય અતિથિ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ નિવૃત્ત કર્મચારીઓને તેમની નિવૃત્તિ લાભ સંબંધિત ફાઈલો અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ અવસરે તેમને સ્મૃતિચિહ્ન ભેટરૂપે અર્પણ કરી રેલવેમાં તેમના દીર્ઘકાલીન, નિષ્ઠાપૂર્વકના અને સમર્પિત યોગદાન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ભાવુક અને આત્મીય વાતાવરણમાં નિવૃત્ત કર્મચારીઓની સેવાઓને યાદ કરી તેમના યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી. ઉપસ્થિત અધિકારીઓ અને સહકર્મચારીઓએ તેમના સાથેના




કાર્યકાળના અનુભવો વહેંચ્યા અને તેમના સ્વસ્થ તથા સુખદ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

પોતાના સંબોધનમાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ નિવૃત્ત કર્મચારીઓને જીવનના નવા તબક્કા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું કે રેલ સેવા દરમિયાન પ્રાપ્ત થયેલો અનુભવ અને શિસ્ત તેમના આગામી જીવનને વધુ સમૃદ્ધ બનાવશે. તેમણે કર્મચારીઓને નિવૃત્તિ બાદ પ્રાપ્ત થનારી રકમનો સુવિચારિત અને આયોજનબદ્ધ ઉપયોગ કરવા તેમજ સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી અપનાવવા પણ અનુરોધ કર્યો હતો.

સમારોહનો સમાપન તમામ નિવૃત્ત કર્મચારીઓના ઉજ્જ્વળ, સ્વસ્થ, સમૃદ્ધ અને સુખમય જીવનની શુભકામનાઓ સાથે કરવામાં આવ્યો હતો.

# દસ્તાવેજો ઓનલાઈન કરાય તેવી પધ્ધતિ લાવવા મહેસુલ વિભાગની પુરજોશમાં તૈયારી



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં આગામી સમયમાં દસ્તાવેજ કરાવવા માટે નાગરીકોને સબ રજીસ્ટ્રારની કચેરીએ જવુ ન પડે અને સમગ્ર કામગીરી ઓનલાઈન થાય તે માટે મહેસુલ વિભાગે પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં નાગરીકે દસ્તાવેજની નોંધણી કરાવવા માટે અરજી કરીને સંબંધિત જરૂરી દસ્તાવેજો જોડવાના રહેશે અને એના આધારે સિસ્ટમ કાર્યરત થશે. જો કોઈ કાગળ ખુટતા હશે તો પણ અરજદારને જાણ કરીને ઓનલાઈન જ મંગાવાશે.

જમીન મકાનના દસ્તાવેજને લગતી મહત્વની બાબત હોવાથી સંપૂર્ણ સુરક્ષા અને ગુપ્તતા જાળવવા માટે બ્લોક ચેઈન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવી શકે છે. નાગરીકો માટે ઈ-ધરા કેન્દ્ર થી લઈને જનસેવા કેન્દ્ર સુધી અનેક સેવાઓ સફળતાપૂર્વક શરૂ કર્યા બાદ મહેસુલ વિભાગ હવે તેની મહત્વકાંક્ષી યોજના તરફ આગળ વધી રહ્યો છે. પ્રાથમિક તબકકે તેને પહેલા તાલુકા અને જિલ્લા કક્ષાએ લાગુ કરવા માટે તમામ પાસા ચકાસવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. એક વખત ઓનલાઈન પ્રથમ અરજીથી લઈને અરજદારને તેનો દસ્તાવેજ મળી જાય ત્યાં સુધીની ફુલપ્રુફ સિસ્ટમ પ્રાયોગિક ધોરણે સફળ થાય તે પછી તેને સમગ્ર રાજયમાં લાગુ પાડવાની શરૂઆત કરવામાં આવશે.

હાલ મહેસુલ વિભાગમાં ઉચ્ચ કક્ષાએ ઓનલાઈન દસ્તાવેજ કેવી રીતે થઈ શકે તે માટે જમીન મહેસુલ અને સબ રજીસ્ટ્રાર કચેરીની કામગીરીથી માહિતગાર અધિકારીઓ તેમજ આઈટી તજજ્ઞો સાથે સતત કવાયત ચાલી રહી છે.

જેમાં જમીન કે મકાનના ખરીદ વેચાણ માટે અરજદાર ઓનલાઈન સિસ્ટમમાં દાખલ થાય ત્યારથી છેલ્લે સુધી તેણે કયા પ્રકારના દસ્તાવેજો જોડવા પડશે અને તેની સામે સબ રજીસ્ટ્રારની કચેરી દ્વારા કેવી રીતે કામગીરી કરાશે તેની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે.

મહેસુલ વિભાગ એ બાબત સુનિશ્ચિત કરવા માંગે છે કે પધ્ધતિ એવી રીતે દાખલ કરવી કે નાગરીકને કચેરીમાં આવવાની જરૂર ન પડે, આ માટે તંત્ર હાલની પધ્ધતિમાં જે બિનજરૂરી લાગશે તે કાગળ ઓછા કરવાની બાબત પણ ચકાસશે, દસ્તાવેજ કરવાનો થાય ત્યારે પક્ષકારોના વિઝયુઅલ એટેન્ડન્સ ની વ્યવસ્થા પણ કરવામાં આવશે. દસ્તાવેજ કરવામાં કોઈ ટેકનીકલ મુદ્દો ઉભો થશે કે સહીની બાબતમાં ફેરફાર હશે તો જ ના છુટકે કોઈ વ્યકિતને કચેરીમાં જવાની જરૂર ઉભી થશે. અરજદારને દસ્તાવેજ પણ ઓનલાઈન જ મળી શકશે, હાલ સમગ્ર બાબત પ્રાથમિક કક્ષાએ હોવા છતાં જો સમગ્ર પધ્ધતિ ફુલપ્રુફ સાબિત થાય તો તેને ઝડપથી લાગુ કરવા મહેસુલ વિભાગ તૈયારીમાં લાગ્યુ છે.

### સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે કાજલે આ વર્ષે ધોરણ-૧૨ની પરીક્ષા એક વર્ષ ડ્રોપ લઈને તનતોડ મહેનત કરી અને તેની મહેનત રંગ લાવી

# ચોરવાડનાં ખેત મજુરની દીકરી કાજલ વાજાએ એશિયન અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીત્યો

### હોંગકોંગમાં યોજાયેલી સ્પર્ધામાં 4x100 મીટર રિલેમાં ભારતને નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવવામાં આપ્યું મહત્વપૂર્ણ યોગદાન





ગુજરાતની ઉભરતી સ્પ્રિન્ટર કાજલ વાજાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે દૃઢ નિશ્ચય, શિસ્ત અને અથાક મહેનતથી સામાન્ય પરિવારમાંથી આવતી પ્રતિભાઓ પણ આંતરરાષ્ટ્રીય મંચ પર સફળતા હાંસલ કરી શકે છે. જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ગામની ૧૯ વર્ષીય કાજલે રવિવારે હોંગકોંગમાં યોજાયેલી ૨૨મી એશિયન અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહિલાઓની **4x100** મીટર રિલે સ્પર્ધામાં ભારતને રજત ચંદ્રક અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

તમિલનાડુની ભાવના, હરિયાણાની આરતી અને ઉત્તર પ્રદેશની નિપમ સાથે ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરતાં કાજલે ટીમને ૪૫.૦૫ સેકન્ડનો સમય નોંધાવવામાં મદદ કરી હતી. આ પ્રદર્શન સાથે ભારતીય ટીમે રજત ચંદ્રક જીત્યો હતો અને અંડર-૨૦ વર્ગમાં નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ સ્થાપ્યો હતો. ભારતીય ટીમે અગાઉનો ૪૫.૦૮ સેકન્ડનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડીને પોતાની ઝડપ, ટીમવર્ક અને બેટન એક્સચેન્જની શ્રેષ્ઠતા દર્શાવી હતી.

કાજલની સિદ્ધિ તેની સામાન્ય આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લેતાં વધુ પ્રેરણાદાયી બની જાય છે. તેના પિતા હીરાભાઈ વાજા જૂનાગઢ જિલ્લાના દરિયાકાંઠાના ચોરવાડ ગામનાં સામાન્ય ખેડૂત છે અને ખેત મજૂરી કરે છે. આર્થિક પડકારો વચ્ચે પણ કાજલે પોતાની રમતગમત કારકિર્દી પર અડગ ધ્યાન કેન્દ્રિત રાખ્યું અને પોતાના સપનાઓ સાકાર કરવા માટે અનેક ત્યાગ કર્યા.

ટ્રેક પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે કાજલે ધોરણ-૧૨માં એક વર્ષ ડ્રોપ લઈને તાલીમ અને સ્પર્ધાની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેની આ નિષ્ઠા અને મહેનતનું ફળ તેને હવે આંતરરાષ્ટ્રીય મંચ પર મળ્યું છે.

કાજલનાં પરિવાર સાથે સંબધ ધરાવતા મંથન ડાભીએ જણાવે છે કે, "કાજલને શાળામાં ભણતી ત્યારથી રમતગમત પ્રત્યે વિશેષ લગાવ હતો અને તે સતત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતી આવી છે."

કાજલ વાજાનાં કોચ શિવમ ઉપાધ્યાય કાજલની સફળતાનું શ્રેય તેની અવિરત મહેનત અને શ્રેષ્ઠતા હાંસલ કરવાની તીવ્ર ઈચ્છાને આપે છે.

તેમણે જણાવ્યું કે, "કાજલ દેશની સૌથી આશાસ્પદ યુવા સ્પ્રિન્ટર્સમાંની એક છે. તેણે ગુજરાતનું ગૌરવ વધારતાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર અને રિલે સ્પર્ધાઓમાં અનેક ચંદ્રકો જીત્યા છે. તેની શિસ્ત, આત્મવિશ્વાસ અને સ્પર્ધાત્મક માનસિકતા તેને અન્ય ખેલાડીઓથી અલગ બનાવે છે. તે દરેક તાલીમ સત્રમાં સંપૂર્ણ સમર્પણ સાથે ભાગ લે છે અને સતત પોતાના પ્રદર્શનમાં સુધારો કરવા પ્રયત્નશીલ રહે છે."

હોંગકોંગમાં જીતેલો રજત ચંદ્રક કાજલની સિદ્ધિઓની યાદીમાં વધુ એક મહત્વપૂર્ણ ઉમેરો છે. આ અગાઉ તેણે ૨૦૨૫માં રાંચીમાં યોજાયેલી દક્ષિણ એશિયન સિનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં **4x100** મીટર રિલેમાં પણ રજત ચંદ્રક જીત્યો હતો. ઉપરાંત, ૬૦ મીટર સ્પર્ધામાં અંડર-૨૦ વર્ગનો રાષ્ટ્રીય રેકોર્ડ પણ તેના નામે છે.

આ વર્ષના માર્ચ મહિનામાં ભુવનેશ્વરમાં યોજાયેલી પ્રથમ ઈન્ડોર ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં કાજલે ૬૦ મીટર દોડમાં ૭.૫૦ સેકન્ડનો સમય નોંધાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો અને નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ સ્થાપ્યો હતો. આ સિદ્ધિએ તેને ભારતની સૌથી પ્રતિભાશાળી યુવા સ્પ્રિન્ટર્સમાં સ્થાન અપાવ્યું છે.

★શાળાથી સ્પોર્ટ્સની સફર

કાજલની રમતગમતની સફર ગુજરાત રાજ્યના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (**SAG**)ના સ્કૂલ પ્રોગ્રામથી શરૂ થઈ હતી. ત્યારબાદ ૨૦૧૯માં તે કોડીનાર સ્થિત જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ (**DLSS**)માં જોડાઈ, જ્યાં તેની પ્રતિભાને વ્યવસ્થિત રીતે ઘડવામાં આવી. તેની ક્ષમતાને ઓળખીને ૨૦૨૩માં તેની પસંદગી નડિયાદ સ્થિત હાઈ-પરફોર્મન્સ સેન્ટર (**HPC**) માટે કરવામાં આવી હતી, જ્યાં તે હાલમાં અદ્યતન તાલીમ અને માર્ગદર્શન મેળવી રહી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કાજલ અને ભારતીય રિલે ટીમને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સંઘવીએ જણાવ્યું કે, "મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર ખેલાડીઓને તેમના વૈશ્વિક સપનાઓ સાકાર કરવા માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવા પ્રતિબદ્ધ છે. કાજલની સિદ્ધિ ગુજરાત અને સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ છે."

આ જ ચેમ્પિયનશિપમાં ગુજરાતના અન્ય એક ખેલાડી અને વાપીનાં વતની રાહુલ જાખરે ડેકાથ્લોનમાં નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપીને સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

### અંબાજીમાં સવારથી શ્રદ્ધાળુઓની લાગી લાંબી કતારો

# અધિક માસની પૂનમે રાજ્યના મંદિરોમાં ઉમટ્યું ભક્તોનું ઘોડાપૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતભરમાં આજે અધિક (પુરુષોત્તમ) માસની પવિત્ર પૂર્ણિમાના અવસરે આધ્યાત્મિક અને ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. રાજ્યના સુપ્રસિદ્ધ મંદિરોમાં વહેલી સવારથી જ ભગવાનના દર્શન કરવા માટે લાખો માઈભક્તો અને શ્રદ્ધાળુઓનું ભવ્ય ઘોડાપૂર ઉમટ્યું છે. વિવિધ મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, શણગાર અને મનોરથના આયોજન સાથે સમગ્ર વાતાવરણ જયઘોષથી ગુંજી ઉઠ્યું છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે અધિક માસ જેઠ મહિનાની પવિત્ર પૂનમના દિવસે ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ મા અંબાના દર્શનનો લાભ લેવા માટે શ્રદ્ધાળુઓની કિલોમીટરો લાંબી લાઈનો લાગી હતી. અંબાજી મંદિર પરિસરમાં "બોલ મારી અંબે, જય જય અંબે" ના ગગનભેદી નાદ ગુંજી ઉઠ્યા હતા, અને ભાવિકોએ માના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ ધામ ડાકોરમાં રાજાધિરાજ રણછોડરાયના દર્શન કરવા ભક્તોની ભીજ જોવા મળી હતી. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓએ કતારબદ્ધ થઈને પ્રભુના દર્શન કર્યા હતા, જેના કારણે સમગ્ર ડાકોર નગરી "જય રણછોડ" ના નાદ સાથે ભક્તિના રંગમાં રંગાઈ ગઈ હતી. ભક્તોની અસાધારણ ભીડને ધ્યાનમાં રાખીને મંદિર પરિસર તેમજ પવિત્ર ગોમતી તળાવના કિનારે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આ સાથે જ શહેરમાં ટ્રાફિક નિયંત્રણ માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ રૂટની વ્યવસ્થા કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે પૂર્ણિમાના પાવન અવસરે આજે વહેલી સવારથી જ હજારો ભક્તો ભગવાન શામળિયાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. પુરુષોત્તમ (અધિક) માસ દરમિયાન ભગવાન વિષ્ણુની આરાધના અને દર્શનનું વિશેષ મહત્ત્વ હોવાથી રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ શામળાજી ધામ પહોંચ્યા હતા. ભગવાન શામળિયાના નિજ મંદિરને રંગબેરંગી અને સુગંધિત ફૂલોથી ભવ્ય રીતે સજાવવામાં આવ્યું છે. પૂનમના પવિત્ર દિવસે મંદિરમાં પરંપરાગત રીતે ભવ્ય 'કેરી મનોરથ'ની ઉજવણી કરાઈ રહી છે, જે દર્શનાર્થીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સમગ્ર પરિસર "જય શામળિયા" ના જયઘોષથી ગુંજી ઉઠ્યું છે. દ્વારકાધીશની નગરીમાં અધિક માસની પૂનમે ગોમતી નદીમાં સ્નાન કરવાનું અનેરૂં પુણ્ય હોઈ, ભક્તો વહેલી સવારે જ નદી કાંઠે પહોંચ્યા હતા. જગત મંદિરના દર્શન માટે ભક્તોએ છપ્પન સીડીથી લઈને કીર્તિ સ્તંભ સુધી લાંબી લાઈનો લગાવી હતી. ગોમતી નદીના કાંઠે મહિલા શ્રદ્ધાળુઓએ પરંપરાગત રીતે ભગવાન પુરુષોત્તમજીની પૂજા-અર્ચના કરી પવિત્ર નદીમાં આસ્થાની ડૂબકી લગાવી હતી. વાવ-થરાદ વિસ્તારના ધરણીધર તાલુકાના ઐતિહાસિક યાત્રાધામ ઢીમા ખાતે બિરાજમાન શ્રી ધરણીધર ભગવાનના ચરણોમાં પણ હજારોની સંખ્યામાં યાત્રાળુઓ ઉમટી પડ્યા છે. સ્થાનિક લોકવાયકા અને પરંપરા મુજબ, કોઈ પણ શ્રદ્ધાળુ હિન્દુ ધર્મના ચારધામની જાત્રા પૂરી કર્યા પછી જ્યાં સુધી ઢીમા આવીને ધરણીધર ભગવાનના ચરણોમાં શીશ ન નમાવે, ત્યાં સુધી તેની ચારધામની યાત્રા અધૂરી ગણાય છે. દર પૂનમે અહીં લાખો ભક્તો આવે છે, પરંતુ વર્ષની ચાર મુખ્ય પૂનમોમાં અહીં જનમેદનીની કોઈ સીમા રહેતી નથી. શામળિયા ધરણીધર ભગવાનના મુખ્ય મંદિરની બિલકુલ આગળના ભાગે આવેલા પૌરાણિક મંદિરનો પણ ભક્તોમાં આજે એટલો જ મહિમા જોવા મળી રહ્યો છે.

**પશ્ચિમ રેલ્વે**

**બાંધકામ કાર્ય**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, મુંબઈ 400 008 ટેન્ડર નંબર: Dy. CE(C)CCG/360 કામનું નામ: પશ્ચિમ રેલ્વેના મુંબઈ ડિવિઝન (MUTP 3A) ના ગોરેગાંવથી બોરીવલી સ્ટેશનો વચ્ચે હાર્બર લાઇનના વિસ્તરણના સંદર્ભમાં ગોરેગાંવથી બોરીવલી સ્ટેશનો વચ્ચે માટીકામ, મુખ્ય/નાના પુલનું બાંધકામ/મજબૂતીકરણ, સાઇડ ડ્રેઇન, બાઉન્ડ્રી વોલ અને રિટેનિંગ વોલ વગેરેનું બાંધકામ. N I T મૂલ્ય: ₹86,51,51,105/-EMD: ₹1,73,03,000/- ઇ-બિડ સમાપ્તિ તારીખ: તા.17.06.2026 ના 15.00 કલાક સુધી. ઇ-બિડ ખુલવાની તારીખ: તા.17.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0182

અમને લાઈક કરો: X.com/WesternRly

### ચાર તાલુકામાં ધોધમાર વરસાદથી ગરમીમાં રાહત

# ગુજરાતના વલસાડ જિલ્લામાં મેઘરાજાની પધરામણી થઈ

### વાપી, વલસાડ, ધરમપુર અને કપરાડા સહિતના ચાર તાલુકાઓમાં વરસાદ પડતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

ગુજરાતભરમાં કાળઝાળ ગરમી વચ્ચે પ્રિ-મોન્સૂન એક્ટિવિટીનો દોર શરૂ થયો છે, ત્યારે દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના વાતાવરણમાં પણ મોડી રાત્રે અચાનક પલટો આવ્યો હતો. છેલ્લા ઘણાં દિવસોથી પડી રહેલી આગ ઝરતી ગરમી અને અસહ્ય ઉકળાટથી સેકાતા લોકો માટે મેઘરાજા આશીર્વાદ બનીને વરસ્યા છે. જિલ્લાના વાપી, વલસાડ, ધરમપુર અને કપરાડા સહિતના ચાર તાલુકાઓમાં વરસાદ પડતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે. આ વરસાદી માહોલને કારણે અસહ્ય ગરમીથી તોબા પોકારી ઉઠેલા સ્થાનિક નાગરિકોએ થોડે અંશે રાહત અનુભવી છે.મધરાતે જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવ્યા બાદ વાપી, વલસાડ અને ધરમપુરમાં જોરદાર વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. વાપી શહેરમાં રાત્રિના સમયે અંદાજે ૧૫ મિનિટ સુધી મુશળધાર વરસાદ ખાબક્યો હતો, જેના કારણે મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ટૂંકા ગાળાના પરંતુ જોરદાર વરસાદી ઝાપટાને લીધે નીચાણવાળા વિસ્તારો અને ઠેર-ઠેર રસ્તાઓ પર પાણી પાણી થઈ ગયું હતું. બીજી તરફ, રવિવારે સવારના સમયે પણ વલસાડના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ જારી રહ્યો હતો. જિલ્લાના ચેરાપુંજી તરીકે ઓળખાતા કપરાડા તાલુકામાં આજે સવારે બે કલાકના સમયગાળામાં સત્તાવાર ૭ મિ.મી. વરસાદ નોંધાયો છે.કપરાડા તાલુકામાં દર વર્ષે ચોમાસામાં રેકોર્ડબ્રેક વરસાદ પડે છે, પરંતુ વહીવટી તંત્રના આયોજનના અભાવે ચોમાસું પૂરું થતાં જ ઉનાળાના દિવસોમાં સ્થાનિક લોકોને પીવાના પાણી માટે વલખાં મારવા પડે છે. બીજી તરફ, આ અચાનક આવેલા પ્રિ-મોન્સૂન વરસાદને કારણે આંબાવાડીઓમાં લટકતી કેરી પાક પર પાણી પડતાં ખેડૂતોમાં પાકને નુકસાન થવાની ભીતિ પણ વર્તાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, મે મહિનાના અંતિમ સપ્તાહમાં વલસાડ જિલ્લામાં રેકોર્ડબ્રેક તાપમાન નોંધાયું હતું. કાળઝાળ ગરમીના કારણે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળતા હતા અને અસહ્ય બફારાને લીધે સ્થાનિકો બીમારીની ઝપેટમાં પણ સપડાયા હતા.

# સને ૨૦૨૪માં ભારતમાં ૫૭૩૭ દહેજ મૃત્યુ નોંધાયા છે જેમાં દર ૯૦ મિનિટે એક મહિલાનું મૃત્યુ થાય છે: NCRB નો રિપોર્ટ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના તાજેતરના અહેવાલ મુજબ ભારતમાં ૨૦૨૪ માં ૫૭૩૭ દહેજ મૃત્યુ નોંધ્યા છે. જેમાં દરરોજ લગભગ ૧૬ મહિલાઓ મૃત્યુ પામે છે. અથવા દહેજ સંબંધિત ઉત્પીડન, ઘરેલુ હિંસા,આત્મહત્યા અથવા અન્ય શંકાસ્પદ વૈવાહિક મૃત્યુને કારણે દર ૯૦ મિનિટે એક મૃત્યુ થાય છે.

આ આંકડા ૬ મેના રોજ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. અને દાયકાઓથી કાનૂની પ્રતિબંધો અને જાગૃતિ અભ્યાનો છતાં દહેજ સંબંધિત ગુનાઓના સતત વ્યાપને રેખાંકિત કરે છે. છેલ્લા દાયકાના ડેટા દર્શાવે છે કે દહેજ મૃત્યુમાં ધીમે ધીમે ઘટાડો થયો છે.

જે ૨૦૧૫ માં ૭૬૩૪ કેસ હતા જે ૨૦૨૪ માં ૫,૭૩૭ કેસ થયા હતા. ઘટાડો થવા છતાં આવી ઘટનાઓનું પ્રમાણ દેશભરમાં નોંધપાત્ર રહ્યું છે. આ અહેવાલમાં દહેજ ઉત્પીડન સાથે જોડાયેલા ગુનાઓમાં પણ વધારો નોંધાવવામાં આવ્યો છે.

૨૦૧૩ માં દહેજ પ્રતિબંધ કાયદા હેઠળ ૧૫૪૮૯ કેસ નોંધાયા હતા. જે ૨૦૨૨ માં ૧૩૪૭૯ કેસોથી ૧૪% નો વધારો દર્શાવે છે. વધુમાં ૨૦૨૪ માં દેશભરમાં "પતિઓ અને સંબંધીઓ દ્વારા ક્રૂરતાના" ૧.૨૦ લાખથી વધુ કેસ નોંધાયા હતા. જે એક દાયકાથી વધુ સમયથી વાર્ષિક એક લાખથી વધુ રહેવાની પેટર્ન ચાલુ રાખે છે.

આ ડેટામાં દહેજનાના વિવાદો સાથે જોડાયેલી સીધી જીવલેણ હિંસાને લગતી ઘટનાઓનો ઉલ્લેખ કરીને "દહેજ હત્યા" તરીકે વર્ગીકૃત કરાયેલા કેસોનું પણ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું. અત્યારે ઉલ્લેખનીય છે કે આ વર્ષની શરૂઆતમાં એક મહિલા SWAT કમાન્ડોની પણ તેના પતિ દ્વારા વારંવાર દહેજ ની માંગણીને કારણે હત્યા કરવામાં આવી હતી જે સામાજિક અને વ્યવસાયિક પૃષ્ઠભૂમિમાં દહેજ સંબંધિત હિંસાના સતત વ્યાપ અંગે ચિંતાઓને વધુ ઉજાગર કરે છે. અને છતાં કહેવાય છે કે નારી તું સબ પે ભારી.

# હવે દિલ્હીની માર્કેટમાં મળશે સામાન ઉપાડવા કેરીમેન, ૧ કલાકના ૧૪૯ રૂપિયા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતના બજારોમાં મોટાભાગે શોપિંગ કરતી મહિલાઓ જ તમને નજર પડશે. કારણ કે મહિલાઓને શોપિંગ બહુ ગમતું હોય છે અને એતો જગજાહેર વાત છે. અને મહિલાઓ ખાસ કરીને હંમેશા પતિને સામાન ઊંચકવા માટે જ સાથે રાખતી હોય છે. જોકે યુવાનોનું એક સ્ટાર્ટઅપ આ જરૂરિયાત પણ મિટાવી દે એવું લાગે છે. દિલ્હીની લાજપત માર્કેટમાં એક અનયુઝઅલ સર્વિસ શરૂ થઈ છે જે યુવાનો પ્રોવાઈડ કરે છે. આ યુવાનો મહિલા જ્યાં જાય ત્યાં તેનો સામાન સાથે લઈને ફરે છે. તેમના ટી-શર્ટ પર "કેરીમેન" લખેલું હોય છે. તેઓ આ માર્કેટના ભોમિયા પણ છે એટલે મહિલાને જરૂરી શોપિંગ માટે ગાઈડ પણ કરે છે. આ માટે તેઓ એક કલાકના ૧૪૯ રૂપિયા ચાર્જ કરે છે. આ માણસ તમારા વતી સામાન ઉપાડશે, ફૂડ- કોર્ટની લાઈનમાં ઊભા રહીને નંબર લગાવશે, માર્કેટમાંથી સામાન ઉપાડીને તમારી સાથે મેટ્રો સ્ટેશનમાં પણ આવશે, તમને બેસવા માટેની સીટ શોધી આપશે અને જો સીટ નહીં મળે તો ફોલ્ડિંગ ચેરની વ્યવસ્થા પણ કરી આપશે. સોશયલ મીડિયા પર આ સ્ટાર્ટઅપ વિશેની વિગતો વાઈરલ થઈ છે. એમાં સ્કીમ પણ છે. જે લોકો લાંબા કલાકો શોપિંગના શોખીન હોય તેમના માટે બે કલાક, ત્રણ કલાક અને ચાર કલાકની ડિસ્કાઉન્ટ સ્કીમ પણ છે. આ પ્રયોગ દિલ્હીની લાજપત માર્કેટમાં જ અત્યારે ઉપલબ્ધ છે. કેટલાક લોકોને નવાઈ લાગે છે કે એકદમ નવતર લાગતો આ પ્રયોગ ખરેખર સ્ટાર્ટઅપ તરીકે ક્વોલિફાય થશે કે મિલિયન ડોલર આઈડિયા સાબિત થઈ શકે એવો છે કે નહીં? દેશના બેકાર યુવાનોએ હવે લાજ શરમ છોડીને કંઈક કામની શરૂઆત તો કરવી જ જોઈએ એ જ સમયની માંગ છે.

# મંત્રી પ્રફુલ પાનસેરીયાએ નેશનલ હેલ્થ મિશન ભરતીને આપી લીલીઝંડી: હવે જિલ્લા પંચાયતો માટે ભરતી નો થયો માર્ગ મોકળો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના આરોગ્ય વિભાગ ના તાંબા હેઠળના નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) માં ભરતી કરવાની મંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા આરોગ્ય વિભાગને લીલીઝંડી આપી દેવામાં આવી હોવાનુ મંત્રીના પીએસ વિપુલ મહેતા દ્વારા કહેવામાં આવ્યુ હતું.

આરોગ્ય વિભાગને મંત્રી દ્વારા સુચનો આપવામાં આવતા હવે ગણતરીના દિવસોમાં રાજયની અલગ અલગ જિલ્લા પંચાયતો દ્વારા અપાયેલી જાહેરાત અન્વયે વિવિધ કેડરના લોકોની ભરતી કરવાના સમાચારો મળી શકે છે.


મળતી માહિતી અનુસાર આરોગ્ય વિભાગના તાંબા હેઠળના નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) અંતર્ગત રાજયની વિવિધ જિલ્લા પંચાયતોમાં સ્ટાફનર્સ, સીએચઓ (કોમ્યુનિટી હેલ્થ ઓફીસર), ફીમેઈલ હેલ્થ વર્કર(એફ એચ ડબલ્યુ) સહિતની ખાલી જગ્યાઓ ભરવા માટે જિલ્લા પંચાયતો દ્વારા અખબારોમાં જાહેરાત આપવામાં આવી હતી. આ જાહેરાત અન્વયે રાજયના લાખો બેરોજગાર લાયકાત ધરાવતા યુવાનો-યુવતિઓએ ઓનલાઈન ફોર્મ ભર્યા હતા.

ફોર્મ ભર્યા બાદ અચાનક નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) દ્વારા ભરતી પર રોક લગાડી દેવામાં આવી હતી. ત્યારે ગરવી ગુજરાત અખબાર દ્વારા સતત બેરોજગાર યુવાનો-યુવતિઓના સમર્થનમાં સમાચારો પ્રસિધ્ધ કરવામાં આવતા અંતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા એ સી એસ રાજીવ ટોપનો, નેશનલ હેલ્થ મિશન ડાયરેકટર, આરોગ્ય કમિશ્નર સહિત વિભાગની ટીમને તાત્કાલીક બોલાવી ચર્ચા વિચારણા કર્યા બાદ મંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા ભરતીને લીલીઝંડી આપવામાં આવતા લાખો બેરોજગાર લાયકાત ધરાવતા યુવાનો-યુવતિઓએ મંત્રી પ્રફુલ પાનસેરીયાનો આભાર માન્યો હતો.

ભુમાફીયા ચંદુ પ્રજાપતિ સહિતની ટોળકીને બચાવવા ભાજપ સરકાર કામે લાગી

# પૂર્વ મંત્રી અર્જુનસિંહ ચૌહાણે ટોળકી સાથે મીલીભગત કરી કરોડો રૂપીયાનો તોડ કર્યો હોવાની ચર્ચાઓ





પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મતવિસ્તાર ઘાટલોડીયાના ભાડજ ગામમાં કરોડો રૂપીયાની સોનાની લગડી સમાન ગણાતી સરકારી કરોડો રૂપીયાની જમીન રાતો રાત ભુમાફીયા ચંદુ પ્રજાપતિની ત્રિપુટીને પધરાવી દેવામાં આવતા કેટલાક આઈએએસ અધિકારીઓથી લગાડી ભાજપના દિગ્ગજ નેતાઓની સંડોવણી બહાર આવતા ચકચાર મચી જવા પામી છે.

કહેવાતા પ્રજાપતિ વરીયા સમાજના પ્રમુખ ચંદુભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, દિપકભાઈ ઈશ્વરભાઈ પટેલ અને કલ્પેશ પટેલ દ્વારા બનાવવામાં આવેલ ક્રિષ્ણા-રો હાઉસના આવાસના મકાનોમાં બોગસ દસ્તાવેજો બનાવી ભળતા નામ વાળા વ્યકિતઓને પધરાવી દેવામાં આવ્યા હોવાની લાભાર્થી પરેશ રામાનંદી દ્વારા પૂર્વ મંત્રી અર્જુનસિંહ ચૌહાણને લેખિતમાં ફરીયાદ કર્યા બાદ પૂર્વ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ દ્વારા રાતો રાત બિલ્ડરો સાથે બંધ બારણે મીંટીંગો કરી મોટો તોડ કર્યો હોવાનુ લાભાર્થીઓએ આક્ષેપ કર્યો છે. પારદર્શક વહિવટની વાતો કરતી દાદાની સરકાર આ કરોડો રૂપીયાનો સરકારને ચુનો લગાડનાર ભુમાફીયા ટોળકીને કેમ છાવરી રહી છે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# આજે તા.૧ જુનથી મારૂતિ કંપનીની કાર ૩૦ હજાર રૂપીયા સુધી મોંઘી થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

જો તમે નવી કાર ખરીદવાનુ વિચારી રહ્યા છો તો તમારે વધુ ખર્ચ કરવો પડશે, દેશની સૌથી મોટી ઓટોમોબાઈલ કંપની મારૂતિ સુઝુકીએ પોતાની ગાડીઓની કિંમતમાં ભાવવધારાની જાહેરાત કરી દીધી છે.




કંપની આજે તારીખ ૧ જુન ૨૦૨૬ થી તેની કારના ભાવમાં વધારો કરી રહી છે, કંપનીની કાર હવે રૂપીયા ૩૦ હજાર સુધી મોંઘી થશે, બ્રાન્ડે આ ભાવ વધારાનુ કારણ વધતી જતી મોંઘવારી અને ખર્ચમાં સતત આવતો વધારો ગણાવ્યો છે. કંપનીએ જણાવ્યુ હતુ કે આજે તારીખ ૧ જુન ૨૦૨૬ થી તેની કારના ભાવમાં રૂપીયા ૩૦ હજાર સુધીનો વધારો થશે. કંપનીએ હજુ સુધી તમામ મોડેલના ભાવ જાહેર કર્યા નથી, મારૂતિએ જણાવ્યુ હતુ કે છેલ્લા કેટલાક મહિનાઓથી કંપની ખર્ચની અસરને ઘટાડવા માટે ખર્ચ ઘટાડવાના પગલા પર સતત કામ કરી રહી છે. જેનાથી ગ્રાહકો પર બોજ ઓછો પડે, જો કે વધતા ખર્ચને કારણે હવે કંપનીને ભાવ વધારવાનો નિર્ણય લેવાની ફરજ પડી છે.

ભારતીય બજારમાં કારના ભાવ સતત વધી રહ્યા છે. વર્ષમાં એક કે બે વાર કિંમતોમાં વધારો થતો હતો, પરંતુ હવે આ ટ્રેન્ડ અમુક મોડેલો માટે માસિક ભાવ વધારો બની ગયો છે. આ પહેલા મહિન્દ્રાએ તેની એસયુવી ના ભાવમાં વધારો કર્યો હતો. આ વધારો એપ્રિલ ૨૦૨૬ માં થયો હતો.

મહિન્દ્રાએ પોતાના વાહનોના ભાવમાં ૨.૫ ટકા સુધીનો વધારો કર્યો હતો. બ્રાન્ડના પોર્ટફોલીયોની સરેરાશ કિંમતમાં આશરે ૧.૬ ટકાનો વધારો થયો છે. મહિન્દ્રાએ ભાવ વધારા માટે ઈનપુટ અને ઓપરેટીંગ ખર્ચનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત ટાટા મોટર્સે પોતાના વાહનોની કિંમતમાં વધારો ૧ એપ્રિલ ૨૦૨૬ થી અમલમાં મુકયો છે. કંપનીએ તેની કારના ભાવમાં સરેરાશ ૦.૫ ટકાનો વધારો કર્યો હતો. કંપનીએ આ વધારા માટે ઈનપુટ ખર્ચનો પણ ઉલ્લેખ કર્યો હતો. ગયા વરસે સપ્ટેમ્બરમાં થયેલા જીએસટી ઘટાડાના ફાયદા જે ગ્રાહકોને મળી રહ્યા હતા તે હવે લગભગ ખતમ થઈ ગયા છે. તે સમયે સરકારે ૪ મીટરથી નાના વાહનો અને ૧૨૦૦ સીસી સુધીના પેટ્રોલ એન્જીન અને ૧.૫ લીટર સુધીના ડીઝલ એન્જીનવાળા વાહનોને ૧૮ ટકા ટેક્ષ બ્રેકેટ હેઠળ મુકયા હતા.

આ ઉપરાંત મારૂતિ સુઝુકીએ તેની નાની કાર માટે પણ અલગથી ભાવ ઘટાડો બહાર પાડયો હતો. બ્રાન્ડે અલ્ટો કે -૧૦ અને એસ પ્રિસ્કો જેવા મોડેલોમાં ઘણો મોટો ઘટાડો કર્યો હતો. જેના કારણે બ્રાન્ડની નાની કારની શરૂઆતની કિંમતમાં રૂપીયા ૩.૫ લાખ (એકસ શો-રૂમ) થઈ ગઈ હતી.

# ૫૦ કરોડ રૂપીયાના ખર્ચે બની રહેલો આણંદ અડાસ રેલ્વે ઓવરબ્રિજ ધરાશાયી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતનો વધુ એક બ્રિજ ધરાશાયી થયો છે. આણંદ જિલ્લાના અડાસ ગામમાં નિર્માણાધીન રેલ્વે ઓવરબ્રિજનો એક મોટો ભાગ ૩૦ મી મોડી રાત્રે અચાનક ધરાશાયી થઈ ગયો હતો. સદનસીબે ઘટનાસ્થળે સ્થળ પર કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાની ટળી હતી. આ બ્રિજ ધરાશાયી થતા આસપાસના રહેણાક મકાનોમાં ધ્રુજારીનો અનુભવ થયો હતો.



આણંદ તાલુકાના વડોદ અને અડાસ રોડ સ્ટેશન વચ્ચે લેવલ ક્રોસિંગ રેલ્વે ફાટક નંબર ૨૫૦ ઉપર ઓવરબ્રિજ માટેનુ બાંધકામ રેલ્વે ગતિશકિત યુનિટ વડોદરા કરી રહ્યુ હતું. જેમાં અડાસ ગામથી હાઈવે તરફ જતા ઢાળ ના સ્પાન તૈયાર કરીને એપ્રોચ ગર્ડર્સ ઉપર ગોઠવવામાં આવ્યા હતા. જેમાં ગઈ કાલે શનિવારે સાંજે ૭ વાગ્યાની આસપાસ બે બીમ વચ્ચેના ૩ ગર્ડર્સ વધુ વજન અથવા અસંતુલનના કારણે મોટા ધડાકા સાથે નીચે બેસી ગયા હતા.

આ વખતે બ્રિજ નીચે કોઈ અવર જવર કે વ્યકિતઓ ન હોવાથી મોટી દુર્ઘટના સાથે જાનહાની થવાની શકયતા ટળી જવા પામી હતી. રેલ્વે પ્રસાશન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે બ્રિજની કામગીરી માં નિર્ધારીત નિયમોનુ પાલન થયુ હતુ કે નહી, તેમજ શું કરવુ જોઈતુ હતુ અને વાસ્તવમાં સાઈટ પર શું થયુ ? તે તમામ પાસાઓની તટસ્થ અને ઉંડી તપાસ કરવામાં આવશે.

આ ઘટના પાછળના મુખ્ય કારણો અને ટેકનીકલ ક્ષતિઓની સંપૂર્ણ ચકાસણી કરીને ટુંક સમયમાં જ વડોદરા ડીવીઝન દ્વારા રેલ્વે મંત્રાલયને એક વિસ્તૃત રીપોર્ટ મોકલવામાં આવશે.

# બોરસદની દિકરીની કેનેડામાં હત્યા: મૃતદેહ જલ્દીથી ભારત લાવવા સાંસદ મિતેશ પટેલની રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

કેનેડામાં બોરસદની વતની વિધી મેઘાણીની હત્યા મામલે હાલ આખા આણંદ પંથકમાં શોકનો માહોલ છવાયો છે. ત્યારે આ મુશ્કેલ સમયમાં શોકગ્રસ્ત પરીવારની મદદે આણંદ લોકસભાના સાંસદ મિતેશ પટેલ આવ્યા છે.

જેમાં મૃતક વિધીના પાર્થિવ દેહને વહેલી તકે તેના વતન બોરસદ લાવવા માટે સક્રિય પ્રયાસો હાથ ધર્યા છે. સાંસદ મિતેશ પટેલે આ ગંભીર મામલે તાત્કાલીક કાર્યવાહી કરતા ભારત સરકારના વિદેશ મંત્રાલય અને કેનેડા સ્થિત ભારતીય કોન્સ્યુલેટ ને લેખિતમાં અને ઈ-મેઈલ દ્વારા રજુઆત કરી છે. મળતી માહિતી મુજબ આણંદ જિલ્લાના બોરસદની રહેવાસી ૨૨ વર્ષીય વિધી કલ્પેશકુમાર મેઘા છેલ્લા ૪ વરસથી કેનેડાના નાયગ્રા વિસ્તારમાં રહી અભ્યાસ કરતી હતી, પરીવારના સપનાઓને સાકાર કરવા માટે વિધી અભ્યાસ સાથે નોકરી પણ કરતી હતી અને કેનેડામાં પીઆર મેળવવા માટે તૈયારી કરી રહી હતી. જે ગઈ તારીખ ૧૫ મે રોજ ઘરેથી બહાર નિકળી હતી, ત્યારબાદ અમેરીકન બોર્ડર નજીક તેની ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે ચાકુ ના ઘા ઝીંકતા યુવતિનુ મોત નિપજયુ હતું.

ચોકાવનારી વાત એ છે કે આ હત્યાકાંડ ના અંદાજીત બે અઠવાડીયા વિત્યા બાદ હાલમાં તેના પરીવારને સમગ્ર બાબતની જાણ થઈ છે. સાથે જ ઘટનાબાદ વિધીના અંતિમ સંસ્કાર કેનેડામાં જ કરવામાં આવનાર હોવાનુ બહાર આવ્યુ છે. જેથી તેના પરીવાર પર સ્વજનની હત્યા અને તેના મૃતદેહને વતનમાં લાવવા માટેની મથામણ એમ બંને પ્રકારે પરેશાનીનુ આભ ફાટયુ છે. ત્યારે બનાવને ગંભીરતાથી લઈને આણંદના સાંસદ મિતેશ પટેલ મદદે આવ્યા હોવાની વિગતો બહાર આવી છે.



સમગ્ર મામલે સાંસદ મિતેશ પટેલ હાલ સરકારી સંસ્થાઓ સાથે સતત સંપર્કમાં રહીને ફોલોપ લઈ રહ્યા છે. તેમને વિદેશ મંત્રાલયને અનુરોધ કર્યો છે કે વિધીનો મૃતદેહને ભારત પરત લાવવાની પ્રક્રિયાને વેગ આપવામાં આવે અને ઝડપથી તેના પરીવારને સોંપવામાં આવે. જો કે પરીવાર માટે તેમના સંતાનનો મૃતદેહ પરત મેળવવો એ અત્યંત ભાવનાત્મક અને જટીલ પ્રક્રિયા છે. આ બાબતની ગંભીરતાને સમજતા સાંસદે ખાત્રી આપી છે કે વિધી મેઘાણીની હત્યા અત્યંત દુ:ખદ ઘટના છે અને અમે આ દુ:ખની ઘડીમાં પરીવારની સાથે છીએ. આંતરરાષ્ટ્રીય સ્તરે થતુ આ સીધુ સંકલન કાયદાકીય પ્રક્રિયામાં ઝડપ લાવવા માટે મહત્વનુ સાબિત થશે. સાંસદ મિતેશ પટેલ દ્વારા કરવામાં આવેલી આ ઉચ્ચસ્તરીય રજુઆત અને સતત મોનીટરીંગને કારણે પરીવારને આ મુશ્કેલ ઘડીમાં મોટો ટેકો અને આશ્વાસન મળ્યુ છે. હાલમાં તમામ સ્તરે પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. જેથી વિધીના મૃતદેહને વહેલામાં વહેલી તકે વતન પહોંચી શકે અને તેમના પરીવારને સાંત્વના મળી શકે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૫ જુને ગુજરાતની મુલાકાતે: વરસાદની આગાહી વચ્ચે સભા સ્થળ બદલાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૫ જુન ૨૦૨૬ ના રોજ સુરત અને દમણની મુલાકાતે આવી રહ્યા છે. તેમના સંભવિત આગમનને ધ્યાનમાં રાખીને શહેર ભાજપ અને વહિવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.




જો કે વડાપ્રધાન કાર્યાલયથી સત્તાવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરાશે. સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દમણમાં એરપોર્ટના ઉદ્દ્ઘાટન સહિતની વિવિધ વિકાસલક્ષી યોજનાઓના લોકાર્પણ કાર્યક્રમોમાં હાજરી આપવા આવવાના છે.

વડાપ્રધાન દિલ્હીથી સુરત એરપોર્ટ પર આવ્યા બાદ હેલીકોપ્ટરથી દમણ જશે, સુરતમાં વડાપ્રધાનના સંભવિત કાર્યક્રમ માટે ઈન્ડોર સ્ટેડીયમને પસંદ કરવામાં આવે તેવી ચર્ચા રાજકીય અને વહિવટી વર્તુળોમાં ચાલી રહી છે. વડાપ્રધાનની મુલાકાતને લઈને ભાજપના કાર્યકરો અને વિવિધ સંગઠનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ સુરત શહેર પોલીસ, મહાનગરપાલિકા અને અન્ય સરકારી વિભાગો દ્વારા જરૂરી વ્યવસ્થાઓ અંગેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોવાનુ જાણવા મળી રહ્યુ છે. તાજેતરમાં સુરત મહાનગરપાલિકામાં ભાજપે ઐતિહાસિક જીત મેળવી છે. જેમાં ૧૨૦ માં થી ૧૧૫ બેઠકો પર વિજય મેળવ્યો હતો. વડાપ્રધાનની સુરત મુલાકાતને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી સ્થાનિક વહિવટી તંત્ર, કોર્પોરેશન અને પોલીસ વિભાગ સંપુર્ણ એકશન મોડમાં આવી ગયુ છે. સુરત શહેરમાં સુરક્ષા વ્યવસ્થાને લોખંડી બનાવવા માટે પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સતત બેઠકોનો દોર ચાલી રહ્યો છે. વડાપ્રધાન મોદીના રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત, ટ્રાફીક ડાયવર્ઝન અને પ્રોટોકોલ જાળવવા માટે વિવિધ વિભાગોને કડક સુચના આપી દેવામાં આવી છે. તંત્ર દ્વારા આગામી બે દિવસમાં વડાપ્રધાન મોદીના સમગ્ર રૂટ અને મીનીટ ટુ મીનીટ કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી પ્રબળ શકયતા છે. વડાપ્રધાન મોદી સૌ પ્રથમ દમણમાં કેન્દ્ર શાસિત પ્રદેશના મહત્વકાંક્ષી એરપોર્ટ પ્રોજેકટ અને અન્ય વિકાસ કાર્યોનુ લોકાર્પણ કરવાના છે, જેની સીધી અસર સકારાત્મક અસર પડોશી જિલ્લા વલસાડ અને સમગ્ર દક્ષિણ ગુજરાત પર પણ પડશે.

# મોરબીમાં ભાજપ માટે નો એન્ટ્રી: ૨૦૨૭ માં નેતાઓને વિસ્તારોમાં પગ નહી મુકવા દેવાની સતવારા સમાજની સીધી ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટી માટે મોરબીમાં મોટો રાજકીય ભુકંપ સર્જાયો છે. મોરબી મહાનગરપાલિકામાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જેવા મહત્વના અને પ્રતિષ્ઠિત પદોની વહેચણીમાં સતવારા સમાજના એકપણ કોર્પોરેટરને સ્થાન ન મળતા સમાજનો રોષ હવે જવાળામુખી બનીને ફાટયો છે.

સત્તાનુ સિંહાસન મેળવવા માટે ચુંટણી ટાંણે જે સમાજના મતો લેવા નેતાઓ કાલાવાલા કરતા હતા, તે જ સતવારા સમાજને સત્તા મળતાની સાથે જ હાંસિયામાં ધકેલી દેવાતા ભાજપની કથની અને કરણીનો ભેદ ખુલ્લો પડી ગયો હોવાનો ગણગણાટ શરૂ થયો છે. યુઝ એન્ડ થ્રો ની નીતી સામે ભારે આક્રોશ ફાટી નિકળ્યો છે. સ્થાનિક આગેવાનો અને સમાજમાં એવી ચર્ચા છે કે ટીકીટોની વહેંચણીથી લઈને મતદાન સુધી સતવારા સમાજનો માત્ર યુઝ એન્ડ થ્રો (વાપરો અને ફેંકો દો ) ની નીતી થી ઉપયોગ કરવામાં આવ્યો છે. ભાજપના મોવડી મંડળે હોદ્દાઓ આપતી વખતે આંખ આડા કાન કર્યા હતા. સમાજના ચુંટાયેલા પ્રતિનિધિઓને સત્તાની મુખ્ય ખુરશીઓથી દુર રાખીને ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેમને માત્ર સતવારા સમાજના વોટ જ જોઈએ છે. સત્તામાં ભાગીદારી નહી. આ ભેદભાવભરી નીતી સામે સમાજના લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

કોર્પોરેટરોએ ફુંકયુ બળવાનુ રણશિંગુ, બાકીના પદોનો બહિષ્કાર, આ અપમાનનો ઘુંટડો ચુપચાપ ગળી જવાના બદલે, સતવારા સમાજના તમામ કોર્પોરેટરોએ એક થઈને પક્ષ સામે બળવાનુ રણશિંગુ ફેંકી દીધુ છે. આજે તમામ કોર્પોરેટરોએ એકત્ર થઈને સ્થાનિક ધારાસભ્ય, જિલ્લા પ્રમુખ અને ભાજપના પ્રભારીને લેખિતમાં કડક રજુઆત કરી છે. આ રજુઆતમાં કોર્પોરેટરોએ પક્ષના નેતા ગણને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી છે કે, હવે પછી મહાનગરપાલિકાના કોઈપણ બચેલા કે ખુચેલા કે નાના મોટા હોદ્દાઓ સતવારા સમાજનો કોઈપણ કોર્પોરેટર સ્વીકારશે નહી. સમાજે સ્પષ્ટ કહી દીધુ છે કે તેઓ પોતાના હક્ક માટે લડશે, સત્તા માટે ભીખ નહી માંગે. ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં ભાજપ માટે હવેથી નો એન્ટ્રીના બોર્ડ લાગશે. મોરબીનુ



રાજકારણ હાલ ચરમસીમાએ ગરમાયુ છે. જે સમાજે ભાજપને ખોબલે ને ખોબલે મત આપીને સત્તાના શીખરે બેસાડયા, એ જ સમાજ હવે તેમને જમીન પર પછાડવા તત્પર દેખાઈ રહ્યો છે. જો ભાજપ હજુ પણ ઘમંડમાં રાચીને આ મામલે યોગ્ય ડેમેજ કંટ્રોલ નહી કરે તો ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં મોરબીમાં કમળ ખીલવાની વાત તો દુર , પણ નેતાઓ માટે માત્ર કાદવ જ બચશે તે નકકી છે.

સૌથી મોટો ઝટકો આપતા સતવારા સમાજે સીધી ચેતવણી આપી છે કે જો આ અન્યાય ચાલુ રહેશે તો ૨૦૨૭ ની ચુંટણીમાં ભાજપના કોઈપણ ઉમેદવાર કે નેતાને સતવારા સમાજના વિસ્તારોમાં પગ પણ મુકવા દેવામાં આવશે નહી. જે નેતાઓ અત્યારે એસી ચેમ્બરોમાં બેસીને સમાજની અવગણના કરી રહ્યા છે, તેમણે આગામી ચુંટણીમાં વિસ્તારોમાં નો એન્ટ્રીના બોર્ડ વાંચવા તૈયાર રહેવુ પડશે. આ આંતરીક બળવાને કારણે મોરબી ભાજપ સંગઠનમાં દોડધામ મચી જવા પામી છે.